નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્ર સરકારે દેશના તમામ લોકોની જમીનનો પારદર્શક રેકોર્ડ રાખવા માટે એક નવી યોજનાની શરૂઆત કરી છે. ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ (DILRMP) અંતર્ગત હવે ગ્રામીણથી લઈને શહેરી વિસ્તારો સુધીની તમામ જમીનોનો ડિજિટલ હિસાબ રાખવામાં આવશે. સરકારે આ યોજનાના ત્રીજા તબક્કા માટેની સંપૂર્ણ માર્ગદર્શિકા જાહેર કરી દીધી છે.

આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૩૧ દરમિયાન ૫૬૫.૫ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જમીનના તમામ દસ્તાવેજો, નકશા, રજિસ્ટ્રેશન પ્રક્રિયા અને સંબંધિત આંકડાઓને GIS આધારિત ડિજિટલ પ્લેટફોર્મ પર લાવીને વ્યવસ્થાને સરળ બનાવવાનો છે.

યોજનાની શરૂઆત પ્રસંગે કેન્દ્રીય ગ્રામીણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ દ્વારા જણાવાયું હતું કે, આ પગલું માત્ર વ્યક્તિગત દસ્તાવેજોના ડિજિટાઈઝેશન પૂરતું સીમિત નથી, પરંતુ તે એક સંકલિત લેન્ડ મેનેજમેન્ટ વ્યવસ્થા તરફ દોરી જશે. આ નવી સિસ્ટમ લાગુ થવાથી ખેડૂતોને બેંકોમાંથી સંસ્થાકીય લોન મેળવવામાં ખૂબ સરળતા રહેશે અને સરકારી કચેરીઓના વારંવાર ફેરા મારવામાંથી મુક્તિ મળશે. તેમણે ઉમેર્યું હતું કે, જમીન માત્ર માટીનો ટુકડો નથી પરંતુ તે ખેડૂતોનું ગૌરવ, પૂર્વજોના આશીર્વાદ અને આવનારી પેઢીઓની સાચી ઓળખ છે.

લેન્ડ સ્ટેક એક સંયુક્ત ડિજિટલ પ્લેટફોર્મ તરીકે કામ કરશે, જેમાં જિયો-રેફરન્સ્ડ કેડસ્ટ્રલ મેપ, જમીનના હકો, મિલકત નોંધણી અને અદાલતી કેસોની તમામ વિગતો એક જ ઈન્ટરફેસ પર ઉપલબ્ધ બનશે. નવી વ્યવસ્થામાં દરેક રાજ્ય API દ્વારા પોતાના જમીન ડેટાસેટને એકઠા કરીને રાજ્યકક્ષાનું લેન્ડ સ્ટેક બનાવી શકશે, જે આગળ જતાં નેશનલ લેન્ડ સ્ટેકનું માળખું તૈયાર કરશે.

આ યોજના અંતર્ગત દેશના દરેક જમીન પ્લોટને ૧૪ અંકનો એક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર આપવામાં આવશે, જેનાથી મિલકતની ચોક્કસ ઓળખ થશે અને જમીન સંબંધિત છેતરપિંડી કે બોગસ વ્યવહારો અટકાવી શકાશે.

વારસાગત હકોનું રક્ષણ કરવા અને પૈતૃક જમીનના વિવાદો ઘટાડવા માટે જૂના તમામ નોંધણી દસ્તાવેજોને વ્યવસ્થિત સ્કેન કરીને ડિજિટલ સ્વરૂપે સુરક્ષિત રાખવામાં આવશે. નોંધાયેલા દસ્તાવેજો અને મિલકત પરના દેવાં કે બોજાની સ્થિતિ સ્પષ્ટ કરવા માટે એક ડિજિટલ રિપોઝિટરી ઊભી કરવામાં આવશે. આ વ્યવસ્થાથી જમીનની માલિકીની સત્યતા તપાસવી અને ભૂતકાળના ખરીદ-વેચાણની હિસ્ટ્રી ચકાસવી સરળ બનશે. મહેસૂલી અદાલત કેસ વ્યવસ્થાપન પ્રણાલીને આધુનિક બનાવીને સીધી જમીન રેકોર્ડ સાથે લિંક કરવામાં આવશે. આ ફેરફારથી પેન્ડિંગ કેસોની સંખ્યા ઝડપથી ઘટશે અને નોંધણી-નામફેર (મ્યુટેશન) સંબંધિત વિવાદોનો ત્વરિત નિકાલ થશે.

નકશા પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત શહેરી વિસ્તારોમાં સચોટ અને GIS-આધારિત જમીન સર્વે હાથ ધરીને મિલકતધારકોને અર્બન પ્રોપર્ટી કાર્ડ જારી કરવામાં આવશે.

### મહારાષ્ટમાં ટ્રક અને પિકઅપ વાનની ભયાનક ટક્કરથી ૮ના મોત

મુંબઈ, તા.૧૧

મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં શુક્રવારે વહેલી સવારે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. નાગપુર-રાયપુર નેશનલ હાઈવે પર પિંપળગાંવ સડક નજીક ટ્રક અને પિકઅપ વાન વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતમાં ત્રણ બાળકો સહિત કુલ ૮ લોકોનાં મોત થયા છે, જ્યારે ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ, ભંડારા જિલ્લાના પિંપળગાંવ સડક ખાતે આવેલા ભાઉ ઢાબા નજીક આ અકસ્માત થયો હતો. નાગપુર-રાયપુર નેશનલ હાઈવે પર ટ્રક અને પિકઅપ વાન વચ્ચે ટક્કર એટલી ભયાનક હતી કે તેમાં ૮ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા.અકસ્મતમાં મૃત્યુ પામેલા લોકોમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. અકસ્મતની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્યારબાદ બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા ત્રણ લોકોને સારવાર માટે સાકોલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ભંડારા પોલીસ અધિક્ષક નૂરુલ હસને અકસ્માતની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું હતું કે પિંપળગાંવ સડક નજીક નાગપુર-રાયપુર નેશનલ હાઈવે પર ટ્રક અને પિકઅપ વાન વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં ત્રણ બાળકો સહિત ૮ લોકોનાં મોત થયા છે.

### સીજેપીના દેખાવોમાં વિદ્યાર્થીઓ પર હિંસા કરનારા ખુલ્લેઆમ ફરી રહ્યા છે : સુપ્રીમ

નવી દિલ્હી, તા.૧૧

જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના દેખાવો સમયે વિદ્યાર્થીઓ પર હિંસા કરનારા ખુલ્લેઆમ ફરી રહ્યા છે. વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા સગીરોને ડરાવવા, ધમકાવવામાં આવી રહ્યા હોવાના આરોપોને હળવાશથી લઈ શકાય નહીં તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું. આ સાથે સીજેપીના દેખાવો સમયે ૧૭ મેટ્રો સ્ટેશનો બંધ રાખવા મુદ્દે પણ સુપ્રીમ કોર્ટે આકરું વલણ અપનાવ્યું હતું.સીજેપીના દેખાવોમાં જોડાયેલી ૧૪ વર્ષની સગીરાએ તેને ડરાવવા-ધમકાવવામાં આવી હોવાના તથા તેના ઘરે પથ્થરો ફેંકાયા હોવાના આક્ષેપો કરતા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીની સુનાવણી કરતા મુખ્ય ન્યાયાધીશના અધ્યક્ષપદે બનેલી બેન્ચે કહ્યું કે, સગીરાને ડરાવવા-ધમકાવવાના આરોપોને હળવાશથી લઈ શકાય નહીં.

## કેનેડામાં ભારતીયો સ્ટડી પરમિટ વિના પણ અભ્યાસ કરી શકશે

નવી દિલ્હી, તા.૧૧

કેનેડામાં ઈમિગ્રેશન નિયમોમાં સતત ફેરફાર થઈ રહ્યા છે. હવે કેનેડા સરકારે વિદેશી કામદારો, જેમાં મોટી સંખ્યામાં ભારતીયો પણ સામેલ છે, માટે મહત્વપૂર્ણ રાહતની જાહેરાત કરી છે.

નવી અસ્થાયી જાહેર નીતિ હેઠળ માન્ય વર્ક પરમિટ ધરાવતા વિદેશી નાગરિકોને ચોક્કસ શરતો હેઠળ અલગથી સ્ટડી પરમિટ લીધા વિના અભ્યાસ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

કેનેડાના ઈમિગ્રેશન વિભાગે ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આ નવી નીતિ જાહેર કરી છે. આ નિયમ હેઠળ વર્ક પરમિટ ધરાવતા લોકો કેનેડામાં નોકરીની સાથે અભ્યાસ પણ કરી શકશે. જોકે, આ સુવિધા દરેક પ્રકારના અભ્યાસક્રમ માટે લાગુ પડતી નથી.

નવી નીતિનો લાભ લેવા માટે અભ્યાસક્રમનો સમયગાળો મહત્તમ ૬ મહિના અથવા તેનાથી ઓછો હોવો જોઈએ અને વર્ક પરમિટની માન્યતા દરમિયાન જ અભ્યાસ પૂર્ણ કરવો જરૂરી છે.

કેનેડાના ઈમિગ્રેશન અને રેફ્યુજી પ્રોટેક્શન રેગ્યુલેશન્સની કલમ ૧૮૮(૧)(ક્ષ) મુજબ, કેટલીક પરિસ્થિતિઓમાં વિદેશી નાગરિકોને સ્ટડી પરમિટ વિના ૬ મહિના અથવા તેનાથી ઓછા સમયનો અભ્યાસ કરવાની મંજૂરી પહેલેથી જ છે. નવી જાહેર નીતિ આ નિયમને વર્ક પરમિટ ધારકો માટે વધુ સ્પષ્ટ અને વ્યવહારુ બનાવે છે.

આ નીતિ ૪ સપ્ટેમ્બર ૨૦૨૬થી અમલમાં આવી છે અને હાલ ૩૧ ડિસેમ્બર ૨૦૨૭ સુધી લાગુ રહેવાની છે.

### ટ્રમ્પ લાખો ભારતીયોની ઊંઘ ઉડાડશે

## US રાષ્ટ્રપતિ H-1B વિઝાનો ગ્રેસ પિરિયડ ખતમ કરવાની તૈયારીમાં

વોશિંગ્ટન, તા.૧૧

અમેરિકામાં કામ કરતા ભારતીય ટેક કર્મચારીઓ માટે મોટા સમાચાર બહાર આવ્યા છે. અમેરિકી સરકારે H-1B સહિત અનેક નોન-ઈમિગ્રન્ટ વિઝા હોલ્ડર્સને નોકરી ગયા પછી મળતો મહત્તમ ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ નાબૂદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જો આ પ્રસ્તાવ અંતિમ નિયમ બની જાય છે, તો નોકરી છૂટ્યા પછી અમેરિકામાં રહીને નવી નોકરી શોધવી ખૂબ જ મુશ્કેલ બની શકે છે.

અમેરિકી ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS) એ E-1, E-2, E-3, H-1B, H-1B1, L-1, O-1 અને TN વિઝા ધારકો માટે હાલના ૬૦ દિવસના ગ્રેસ પિરિયડને નાબૂદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આની સીધી અસર કર્મચારીઓની સાથે તેમના કેટલાક ડિપેન્ડન્ટ્સ (આશ્રિતો) પર પણ પડી શકે છે. H-1B વિઝા ખાસ કરીને ટેકનિકલ અને સ્પેશિયલાઈઝ્ડ નોકરીઓ માટે ઉપયોગમાં લેવાય છે. અમેરિકી ટેક કંપનીઓ ભારત અને ચીન જેવા દેશોમાંથી મોટી સંખ્યામાં સ્કિલ્ડ કર્મચારીઓને આ વિઝા દ્વારા નિયુક્ત કરે છે. આથી, નવા પ્રસ્તાવની ભારતીય IT પ્રોફેશનલ્સ પર ખાસ અસર પડી શકે છે.

હાલના નિયમો હેઠળ નોકરી પૂરી થયા પછી કર્મચારીને મહત્તમ ૬૦ દિવસ સુધી અમેરિકામાં રહીને નવી નોકરી શોધવાની અથવા પોતાની ઈમિગ્રેશન સ્થિતિ બદલવાની તક મળે છે. આ સુવિધા નોકરી જાતે છોડવા અથવા કંપની દ્વારા નોકરીમાંથી છૂટા કરવામાં આવે, બંને પરિસ્થિતિઓમાં લાગુ પડે છે. પ્રસ્તાવ લાગુ થવા પર નોકરી પૂરી થતાં જ કર્મચારીએ અમેરિકા છોડવું પડી શકે છે, જ્યાં સુધી તેની પાસે ત્યાં રહેવાની કોઈ બીજી વૈધ (લીગલ) પરવાનગી ન હોય. નવી અમેરિકી કંપનીમાંથી નોકરી મળ્યા પછી તેને અમેરિકી દૂતાવાસ અથવા વાણિજ્ય દૂતાવાસ (કોન્સ્યુલેટ) દ્વારા ફરીથી અરજી કરવી પડી શકે છે.

અમેરિકાએ વર્ષ ૨૦૧૬ માં આ ગ્રેસ પિરિયડ શરૂ કર્યો હતો. તેનો હેતુ હાઈ-સ્કિલ વિદેશી કર્મચારીઓને નોકરી બદલવા માટે વધુ સુવિધા અને સ્થિરતા આપવાનો હતો. આનાથી કંપનીઓ માટે પણ વિદેશી કર્મચારીઓને નિયુક્ત કરવા અને તેમના ટ્રાન્ઝિશનને સરળ બનાવવું શક્ય બન્યું હતું.

DHS ના આ પ્રસ્તાવને પહેલા ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત કરવામાં આવશે અને લોકો પાસેથી ૬૦ દિવસની અંદર આના પર સૂચનો મંગાવવામાં આવશે. સરળ રીતે સમજીએ તો, હાલમાં આ માત્ર એક પ્રસ્તાવ છે, અંતિમ નિયમ નથી.

જો તેને મંજૂરી મળે છે, તો જ હાલનો ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ સમાપ્ત થશે. ઈમિગ્રેશન લો (Law) ફર્મ ફ્રેગોમેન અનુસાર, નિયમ બદલાવા પર કેટલાક પ્રભાવિત વિદેશી કર્મચારીઓને નોટિસ ટુ એપીઅર (NTA) પણ મળી શકે છે, જે અમેરિકામાંથી બહાર મોકલવાની (ડિપોર્ટેશન) કાનૂની પ્રક્રિયાની શરૂઆત હોઈ શકે છે.


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**ટ્રેક મશીન સાઈડીંગની જોગવાઈના સંબંધમાં TRD કામ**

**ટેન્ડર નં. ૧૭-ટીઆરડીબીવીપી-૨૦૨૬-૨૭**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામ:** ચોરવાડ, ધોરાજી, જામ જોધપુર અને વડાલ ખાતે ટ્રેક મશીન સાઈડીંગની જોગવાઈના સંબંધમાં TRD કામ. **ટેન્ડર રકમ:** ₹ ૨૬,૮૨,૨૬૬.૪૮/- **ટેન્ડર ફી:** શૂન્ય, **ઈએમડી રકમ:** ₹ ૫૩,૭૦૦/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર લીંક એટલે કે www.ireps.gov.in મારફતે ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૦૫-૧૦-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે.** BVP-126

અમને લાઇક કરો: facebook.com/WesternRly


### જાહેર નોટીસ

આથી ધી મોડાસા સહકારી જીન મિલ લી મુ.પો.તા મોડાસા જિલ્લો અરવલ્લી તરફથી જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવે છે કે ધી મોડાસા સહકારી જીન મિલ લી ની ૭૦ મી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૨-૦૯-૨૦૨૬ને મંગળવારના રોજ સહકારીજીનના મેડા ઉપર સવારે ૧૦-૦૦ કલાકે રાખેલ છે જેથી આ જાહેર નોટિસથી ધી મોડાસા સહકારી જીન મીલ લી ના વ્યક્તિ સભાસદો ના પ્રતિનિધિ તેમજ મંડળી સભાસદો ના પ્રતિનિધિઓ ને આથી જાણ કરવામાં આવે છે

**તારીખ- ૨૨ /૯ /૨૦૨૬**
**સ્થળ -સહકારી જીલ્લા મેળા ઉપર**
**સમય સવારે ૧૦:૦૦ કલાકે**

**પટેલ રમેશભાઈ વી**
**મેનેજર**
**ધી મોડાસા સહકારી જીન મિલ લી**

### જાહેર નોટીસ

આથી ધી મોડાસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી મુ.પો.તા મોડાસા જિલ્લો અરવલ્લી તરફથી જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવે છે કે ધી મોડાસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘલીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૨ ૯ ૨૦૨૬ ને મંગળવારના રોજ સહકારીજીનના મેળા ઉપર સવારે ૧૦:૩૦ કલાકે રાખેલ છે જેથી આ જાહેર નોટિસથી ધી મોડાસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી ના વ્યક્તિ સભાસદો તેમજ મંડળી સભાસદોને જાણ કરવામાં આવે છે

**તારીખ- ૨૨ /૯ /૨૦૨૬**
**સ્થળ -સહકારી જીલ્લા મેળા ઉપર**
**સમય સવારે ૧૦:૩૦ કલાકે**

**પટેલ બીપીનભાઈ જે**
**મેનેજર**
**ધી મોડાસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.**

પ્રભાત

# દેશમાં વાયુ પ્રદૂષણ વધતા પ્રજાના આરોગ્યને જોખમ

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળ વાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા પ્રસારિત કરાયેલ સ્વચ્છ વાયુ સર્વેક્ષણ વર્ષ ૨૦૨૬ના આંકડા દર્શાવે છે કે, દેશમાં પ્રદૂષણ અટકાવવા માટે કરવામાં આવતા પ્રયાસો હવે દેખાયા છે.

રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ (એનસીએપી) અંતર્ગત દેશના ૧૩૦ શહેરોમાંથી ૧૦૮ શહેરોમાં વાયુની ગુણવત્તામાં સુધારો થયો છે. આથી આ બાબત દર્શાવે છે કે, તંત્ર દ્વારા કરવામાં આવતા પ્રયાસો સાચી દિશામાં ચાલી રહ્યા છે.

ઘણા શહેરોમાં પીએમ ૧૦ (૧૦ માઇક્રોમીટર અથવા તેનાથી નાના કણ)ના સ્તરમાં ૪૦ ટકાથી વધુ ઘટાડો થયો છે અલબત્ત આ બાબતનું બીજુ પાસુ ચિંતા ઉપજાવે તેવું છે ઘણા શહેરોમાં પ્રદૂષણમાં ઘટાડો થવા છતાં પીએમનું સ્તર ૧૦ રહ્યું છે જે રાષ્ટ્રીય માપદંડ સુધી પહોંચ્યું નથી આનો અર્થ આ છે કે, જરૂરી સુધારો થયો છે પરંતુ મંજિલ હજુ દૂર છે.

રાજધાની દિલ્હી ૧૧માં સ્થાનેથી ૨૧માં સ્થાને પહોંચ્યું છે અને ૧૦ લાખથી વધુ વસ્તી વાળા શહેરોમાં લખનૌ ટોચના સ્થાને રહ્યું છે આ બાબત ઉલ્લેખનીય છે જ્યારે આઠ વર્ષ સુધી ટોચના સ્થાને રહેલું ઇન્દોર બીજા સ્થાને આવ્યું છે. જે દર્શાવે છે કે, સ્વચ્છ હવાની દોડમાં ઘણા શહેરો વચ્ચે સ્પર્ધા થઇ રહી છે.

પરંતુ આ સફળતાની વચ્ચે આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, શું શહેરોની હવા ખરેખર શ્વાસ લેવા લાયક છે? આથી આ સર્વેક્ષણની ઉપયોગીતા એટલા માટે મહત્વની છે કે, તેમાં માત્ર વાયુ ગુણવત્તા સૂચકાંકને આધાર બનાવવામાં આવ્યો નથી.

રોડ પરથી ધૂળનું નિયંત્રણ, કચરાની યોગ્ય વ્યવસ્થા, વાહનો દ્વારા કરવામા આવતું ઓછું પ્રદૂષણ, મકાન નિર્માણના સ્થળે કરાતી ગંદકી, આવા જન જાગૃતિના કાર્યક્રમો દ્વારા પ્રજામાં ઘણી સમજદારી આવી છે. ભારતમાં પીએમ ૧૦ માટે વાર્ષિક સરેરાશ માપદંડ ૬૦ માઇક્રોગ્રામ પ્રદૂષણમાં ૪૦ ટકાનો જે ઘટાડો થયો છે તે પર્યાપ્ત માનવામાં આવી રહ્યો છે.

સૌથી મોટો પડકાર જ્યારે મૌસમ બદલાશે ત્યારે આવશે શિયાળામાં દિલ્હી એનસીઆર સહિત ઉત્તર ભારતના અનેક શહેરોમાં પ્રદૂષણનું સ્તર વધે છે અને તાપમાનમાં ઘટાડો થાય છે. હવાની ધીમી ગતિ, પરાળી સળગાવવાની ઘટના તથા સ્થાનિક સ્તરે કરવામાં આવતું પ્રદૂષણ આ બધું મળીને હવા ઝેરીલી બને છે આથી અનૂકૂળ મોસમની સફળતા આખા વર્ષની સફળતા છે આથી અનુકૂળ મોસમની સફળતા આખા વર્ષની સફલતા છે તેમ માનવું જોઇએ નહીં

દેશની સડકો પર વાહનોનીા સંખ્યા વધી છે. દેશમાં વિકાસના કામો ઝડપથી થઇ રહ્યા છે આથી મકાન બાંધકામ વેળા ઉડતી ધૂળથી વાતાવરણમાં પ્રદૂષણ ફેલાય છે. લોકો ખુલ્લામાં કચરો પણ સળગાવતા હોય છે આથી હવામાં કાર્બન ડાયોકસાઇડનું પ્રમાણ વધે છે આથી હવાને સ્વચ્છ રાખવા આખુ વર્ષ કામ કરવું પડશે.

દેશમાં વાહનોની સંખ્યા ઘટાડવા માટે સાર્વજનિક પરિવહન સક્ષમ બનાવવું પડશે. ઇલેકટ્રિક તથા સ્વચ્છ ઇંધણ આધારિત વાહનો વધે તેવું કાર્ય કરવું પડશે. અને કચરા પ્રબધનની વ્યવસ્થામાં સુધારો કરવો પડશે સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં જે સારૂ રેન્કિંગ પ્રાપ્ત થયું છે. તે સ્વાગત યોગ્ય છે પરંતુ તેને મંજિલ નહીં દિશાનો સંકેત છે તેમ માનવું જોઇએ.

ભારતમાં વાયુ પ્રદૂષણ વધવા પાછળ માનવ સર્જિત અને કુદરતી બંને પ્રકારના પરિબળો જવાબદાર છે. દેશમાં કુલ વાયુ પ્રદૂષણમાં ૫૦ ટકાથી વધુ હિસ્સો કારખાનાઓ અને કોલસા આધારિત વીજળી ઘરોમાંથી નીકળતા ઝેરી વાયુઓ જેવા કે સલ્ફર ડાયોકસાઇડ અને નાઇટ્રોજન ઓકસાઇડનો છે. પેટ્રોલ અને ડીઝલથી ચાલતા વાહનોની વધતી સંખ્યા અને ટ્રાફિકની સમસ્યાના કારણે કાર્બન મોનોકસાઇડ અને પીએમ ૨.૫ જેવા હાનિકારક રજકણો વાતાવરણમાં ભળે છે. મોટા શહેરોમાં ઝડપથી થતા બાંધકામના કામો અને રસ્તા પરની ધૂળ હવામાં ઉડે છે. આથી વાતાવરણ બગડે છે શિયાળાની શરૂઆતમાં પંજાબ અને હરિયાણામાં ખેડૂતો દ્વારા પરાળી સળગાવવામાં આવે છે આથી મોટા શહેરોમાં વધુ ધૂમાડો છવાય છે.

ગ્રામીણ વિસ્તારોમાં રસોઇ માટે લાંકડા, છાણા અને ગ્રેફાઇટ જેવી વસ્તુઓનો ઉપયોગ થવાથી તથા ખુલ્લામાં કચરો સળગાવવાથી ધુમાડો ઉત્પન્ન થાય છે શિયાળામાં પવનનીગતિ મંદ હોય છે અને તાપમાનમાં ઘટાડો થવાથી પ્રદૂષિત રજકણો જમીન પાસે રોકાઇ જાય છે જેથી પ્રદૂષણનું સ્તર ઘાતક બને છે.

ભારતમાં વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે સરકાર, સમાજ અને વ્યક્તિગત ત્રણ સ્તરે પગલાં લેવા જરૂરી છે. દેશમાં કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ્સ પર નિર્ભરતા ઘટાડીને સૌર અને પવન ઉર્જાને પ્રોત્સાહન આપવું જોઇએ. ઇલેકટ્રિક વાહનો માટે સબસિડી તથા ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રકચર વધારવું જોઇએ તથા મેટ્રો અને સીટી બસ સેવા વધુ મજબૂત કરવી જોઇએ. ખેડૂતોએ પરાળી સળગાવવાના બદલે મશીનરી અને જૈવિક ઉપાયોનો ઉપયોગ કરવો જોઇએ તથા તંત્ર દ્વારા ખુલ્લામાં કચરો સળગાવવા પર પ્રતિબંધ મૂકવો જોઇએ.ફેકટરીઓમાં ધુમાડો શુધ્ધ કરવા માટે સ્ક્રબર અને ફિર્સ્ટસ ફરજિયાત બનાવવા જોઇએ દેશમાં વધુ વૃક્ષો વાવવા ઉત્તેજન આપવું જોઇએ આથી હવામાં રહેલા પીએમ ૨.૫ અને પીએમ ૧૦ જેવા રજકણો કુદરતી રીતે ફિલ્ટર થાય છે. વ્યક્તિગત વાહનોના બદલે જાહેર પરિવહનનો પ્રજાએ વધુ ઉપયોગ કરવો જોઇએ ઘરમાં વિજળીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જરૂરી છે.

એર કવોલિટી ઇન્ડેકસ એ એક એવું માપદંડ છે જે દર્શાવે છે કે, આપણા વિસ્તારની હવા કેટલી શુધ્ધ કે પ્રદૂષિત છે અને તેનાથી આરોગ્ય પર શું અસર થઇ શકે છે જેમ તાપમાનને માપવા થર્મોમીટરનો ઉપયોગ થઇ શકે છેતેમ હવાની ગુણવત્તા માપવા માટે એકયૂઆઇ નંબરનો ઉપયોગ થતો હોય છે, દેશમાં રાષ્ટ્રીય ગુણવત્તા સૂચકાંક હેઠળ પ્રદૂષકોની હવામાં હાજરી માપવામાં આવે છે. જેમાં અતિ સુક્ષ્મ રજકણો, સૂક્ષ્મ ધૂળના કણો, નાઇટ્રોજન ડાયોકસાઇડ, સલ્ફર ડાયોકસાઇડ, કાર્બન મોનોકસાઇડ, ઓઝોન, એમોનિયા અને સીસુ/ લેડનો સમાવેશ થાય છે.

# વિદેશ મોકલવાના બહાને આણંદ જિલ્લાના ૨૩ વ્યક્તિઓ સાથે રૂપિયા ૭૯.૮૦ લાખની ઠગાઈ

આણંદ, તા.૧૧

આણંદ શહેરમાં રહેતા અને ગોપાલ ચોકડી નાવલીવાલા બિલ્ડીંગમાં ઓફિસ ચલાવતા દંપતીએ પોતાના ભાગીદાર સાથે મળીને મુળ સુણાવના હાલ પેટલાદ રહેતા દંપતી સહિત ૨૦ લોકોને જુદા જુદા દેશોમાં મોકલવા માટે વિઝા પ્રોસેસફીના નામે રૂ.૭૯.૮૦ લાખની માતબર રકમ પડાવી લીધી હતી. આ અંગે છેતરપિંડી કર્યાની ફરિયાદ આણંદ શહેર પોલીસમથકમાં નોંધાઈ છે.પેટલાદ તાલુકાના સુણાવ ગામના વતની અને હાલ પેટલાદ કોલેજ ચોકડી ખાતે રહેતા કુંદનબેન યોગેશભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત નવેમ્બર ૨૦૨૫માં સોશિયલ મીડિયાના માધ્યમથી આણંદ શહેરના સ્ટેશન રોડ ઉપર આવેલા નાવલીવાલા બિલ્ડીંગના પ્રથમ માળે ક્રિષ્ના ઓવરસિસ કન્સલટન્સીના નામે ઓફિસ ચાલે છે. જેના માલિક આણંદ કૃષ્ણ હાઉસિંગ સોસાયટી, કિશોર પ્લાઝા પાછળ રહેતા હાર્દિક હસમુખભાઈ શાહ, તેની પત્ની અંકિતા શાહ વિદેશ મોકલવાનું કામ કરે છે. જેથી કુંદનબેન પટેલ પતિ સાથે ૨૫-૧૧-૨૦૨૫ના રોજ કન્સલ્ટન્સીની ઓફિસે જતાં હાર્દિક શાહ તેની પત્ની અંકિતાને મળ્યા હતા અને વિદેશ જવાની વાત કરી હતી. જે બંનેએ તમારે યુરોપ ખંડમાં સર્બિયા જવા માટે ડોકયુમેન્ટના ચાર્જ પેટે બે માણસના રૂ.૧.૨૦ લાખ ભરવા પડશે અને તમારા ડોક્યુમેન્ટની નકલો આપી દો તેમ જણાવ્યું હતું. જેથી પ્રોસીઝર કરી આઈડી પાસવર્ડ આપીશું. કુંદનબેને રૂ ૧.૨૦ લાખ ઓનલાઈન ટ્રાન્જેકશન કરી આપ્યા હતા અને દશ દિવસ પછી આઈડી પાસવર્ડ મળી જશે તેવી વાત કરી હતી.દશ દિવસ પછી હાર્દિકની ઓફિસે કામ કરતા પ્રીતીબેન મેકવાને ફોન કરીને આઈડી પાસવર્ડ આવી ગયા હોવાથી ઓફિસે આવી જવાનું જણાવતા કુંદનબેન પતિ સાથે ક્રિષ્ના કન્સલ્ટન્સીની ઓફિસ ખાતે ગયા ત્યારે હાર્દિક અને અંકિતાએ આગળની વિઝા પ્રોસેસ માટે રૂ ૩ લાખ જમા કરાવશો તો આગળ પ્રોસેસ કરીશું તેમ કહેતા કુંદનબેને રૂ ૧ લાખ જમા કરાવી બાકીના ૨ લાખ બેંક ટ્રાન્સફરથી જમા કરાવ્યા હતા. પંદર દિવસ પછી કુંદનબેને હાર્દિકની ઓફિસમાં ફોન કરતા સ્ટાફના શ્વેતાબેને ફોન ઉપાડતા વિઝાનું કામ એટલે આવ્યું તેમ કહેતા જણાવેલ કે, તમારે જે કંપનીમાં કામ કરવાનું છે તે કંપનીનો જોઈનીંગ લેટર બે દિવસમાં આવી જશે પછી તમને જાણ કરીશ. બે દિવસ બાદ હાર્દિકની ઓફિસે ગયા ત્યારે અંકિતા અને તેમના સ્ટાફના માણસો મળ્યા હતા અને જણાવેલ કે, તમારો જોઈનીંગ લેટર આવી ગયે છે, જેમાં બ્રાઈવેક્સ ઈન્ટરનેશનલ બેલગ્રેડ કંપનીએ તમને માસીક રૂ .૮૧૯૦૦ પગાર આપવાનું સ્વીકારેલ છે. તેમ કહી એગ્રીમેન્ટની નકલ આપી હતી અને ત્રણ મહિનામાં જવાનું કામ પતી જશે તેમ જણાવ્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં ખાદ્ય ચીજવસ્તુઓના નમૂના લેવાની કામગીરી તેજ

અરવલ્લી,તા.૧૧

અરવલ્લી જિલ્લા ખાતે સરકાર દ્વારા પોષણ માસ ૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના અનુસંધાને અરવલ્લી જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળની તપાસની કામગીરી તેજ બનાવવામાં આવી છે.

ફૂડ સેફટી ઓફિસર શ્રી કે.આર. પટેલબદલી થઈને અરવલ્લી જિલ્લામાં આવતા જ મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સરકારી શાળાઓ અને આંગણવાડીઓમાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.તપાસ દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૧૬ ખાદ્ય નમૂના લેવામાં આવ્યા છે, જેને લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આમ જનતા હોય કે શાળા-આંગણવાડીના બાળકો, તેમના આરોગ્ય સાથે કોઈ ચેડા ન થાય તે અંગે સ્પષ્ટ નીતિ સાથે ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તાની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

૧. એમ.ડી.એમ. કિશોરપુરા પ્રાથમિક શાળા, તા. મોડાસા:

ચણાનું શાક, વેજ પુલાવ, ફોર્ટિફાઈડ મીઠું, તુવેર દાળ અને ચોખા મળી કુલ પાંચ નમૂના

૨. આંગણવાડી કેન્દ્ર, કિશોરપુરા, તા. મોડાસા:

બાળશકિત, પૂર્ણશકિત, ચોખા, સત્વ સિંગતેલ (પેકથી) અને ફોર્ટિફાઈડ આટાના કુલ પાંચ નમૂના

બારીઆ પ્રાથમિક શાળા, તા. મોડાસા:

ઘઉં, ચણા, તેલ, મસાલા અને પૂરી સહિત કુલ છ નમૂનાલેવામાં આવ્યા છે તપાસ દો ઢોર ચાલુ રહેશે તેમ ડિઝિગ્નેટેડ ઓફિસર અરવલ્લી શ્રી બી.એમ ગણવા એ જણાવ્યું હતું.

## વિદ્યાનગરની રાણક હોસ્ટેલમાં વિદ્યાર્થીનીઓને ફૂડપોઝિંગ



આણંદ,તા.૧૧

શિક્ષણ નગરી વિદ્યા ધામ વિદ્યાનગર ખાતે સીવીએમ સંચાલિત રાણક હોસ્ટેલમાં ગઈકાલે રાત્રિના ભોજન બાદ ૧૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓને ફૂડ પોઈઝનીંગ થઈ જવા પામ્યું હતું રાત્રિના ભોજન બાદ કેટલાક વિદ્યાર્થીનીઓને ઉલટી તાવ ચક્કર આવા વગેરે સહિત બુમા બુમા અને ફરિયાદ ચાલુ થઈ ગઈ હતી ૧૦૮ ની મદદથી વિદ્યાર્થીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓને હોસ્ટેલના સંચાલકો સામે આક્ષેપ કરતા જણાવ્યું કે જમવાનું બરાબર આપવામાં આવતું નથી પીવાનું પાણી પણ ચોખ્ખું આપવામાં તેમજ સ્વચ્છતા નો અભાવ જોવા મળી રહ્યો છે આરોગ્ય વિભાગ તેમજ ઉચ્ચકક્ષાના અધિકારીઓ દોડી ગયા હતા

# આણંદ ગણેશ મંડળ ગ્રુપ દ્વારા 'રાજા ગણરાય'નું આગમન



આણંદ,તા.૧૧

આણંદ શહેરમાં ગણેશોત્સવની ઉજવણી વચ્ચે આણંદ ગણેશ મંડળ ગ્રુપ દ્વારા 'રાજા ગણરાય'નું ભવ્ય અને ધામધૂમપૂર્વક આગમન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રસંગનું વિશેષ આકર્ષણ પૂર્ણ 'વંદે માતરમ'નું સામૂહિક ગાન રહ્યું હતું. ગણપતિ દાદાની આરાધના સાથે ઉપસ્થિત લોકોએ પૂર્ણ વંદે માતરમનું ગાન કરતાં વૃંદાવન ગ્રાઉન્ડમાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. એક તરફ ગણપતિ બાપ્પાની ભક્તિ અને બીજી તરફ વંદે માતરમના સ્વરથી ધાર્મિક આસ્થા તથા રાષ્ટ્રપ્રેમનો અદભુત સંગમ જોવા મળ્યો હતો. આણંદ ગણેશ મંડળ ગ્રુપ દ્વારા આયોજિત 'રાજા ગણરાય'ની આગમન યાત્રા, મહાઆરતી અને સ્થાપનાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનોની ઉપસ્થિતિથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉલ્લાસભર્યું બન્યું હતું.

# જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં કાયદાકીય કાર્યવાહી સાથે અસરકારક સમાધાન: સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્રનો સંવેદનશીલ અભિગમ

હિંમતનગર,તા.૧૧

ગુજરાત સરકાર દ્વારા જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં પીડિતોને ઝડપી ન્યાય અને અસરકારક રક્ષણ મળી રહે તે માટે અમલમાં મૂકવામાં આવેલા ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં સંવેદનશીલ અને પ્રજાકેન્દ્રિત અભિગમ સાથે કામગીરી કરવામાં આવી રહી છે.""આ અંતર્ગત જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુની અધ્યક્ષસ્થાને લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ જિલ્લા કક્ષાની સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.પી. પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ , નિવાસી અધિક કલેક્ટર સુશ્રી ક્રિષ્ના વાઘેલા તથા સંબંધિત પ્રાંત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.""આ બેઠકમાં કુલ ૧૦૩ કેસો સમીક્ષા માટે રજૂ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૧૫ કેસોમાં તપાસ દરમિયાન અરજદારોને જમીનનો કબજો મળી જતાં પક્ષકારો વચ્ચે પરસ્પર સમાધાન થતાં હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો હતો. જ્યારે અન્ય કેસોમાં કાયદાકીય જોગવાઈઓ અને ઉપલબ્ધ પુરાવાઓના આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.""ઉલ્લેખનીય છે કે, છેલ્લા છ માસ દરમિયાન જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા કુલ ૩૧૧ કેસોમાં કાયદાકીય જોગવાઈ અનુસાર નિર્ણયો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૨ કેસોમાં પોલીસ ફરિયાદ દાખલ કરવા અંગે નિર્ણય કરવામાં આવ્યો છે.""સરકારની નીતિ માત્ર ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાડવાના કિસ્સાઓ સામે કડક કાર્યવાહી પૂરતી સીમિત ન રહેતા, વાસ્તવિક હકદારને ન્યાય મળે અને યોગ્ય કેસોમાં પક્ષકારો વચ્ચે સમાધાનની તક પણ મળી રહે તેવા સંતુલિત અભિગમને પ્રોત્સાહન આપે છે. સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કાયદાની જોગવાઈઓનું પાલન કરી, અરજદારોની રજૂઆતોને સંવેદનશીલતાથી સાંભળી અને હકીકતના આધારે નિર્ણય લઈ "ન્યાય સાથે સંવેદનશીલ વહીવટ"ની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે.""આ પ્રકારની કાર્યવાહીથી જમીન સંબંધિત વિવાદોના ઝડપી અને કાયદેસર નિરાકરણ સાથે સામાન્ય નાગરિકોમાં વહીવટી તંત્ર પ્રત્યે વિશ્વાસ અને સુરક્ષાની ભાવના મજબૂત બની રહી છે.

# શેઠ સી.કે. સરસ્વતી મંદિર શાળામાં સ્વયં શિક્ષક દિનની ઉજવણી



ઈડર,તા.૧૧

તારીખ ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ ઈડરની શેઠ સી. કે.સરસ્વતી મંદિર શાળામાં સ્વયં શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાની ધોરણ ૧૦ અને ૧૨ ની આશરે ૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.સ્વયં શિક્ષક દિન નિમિત્તે સમગ્ર દિવસ દરમિયાન શાળાની વિવિધ શૈક્ષણિક તથા વહીવટી કામગીરીનો અનુભવ શાળા ની દીકરીઓ એ મેળવ્યો.વિદ્યાર્થીનીઓએ વિવિધ ધોરણોમાં જઈ ને વિદ્યાર્થીનીઓને શિક્ષણ આપ્યું તેમ જ શિક્ષક તરીકેની જવાબદારીનો અનુભવ મેળવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી ના કાર્યભાર ની જવાબદારી ધોરણ ૧૨ ની વિદ્યાર્થીની જોશી સાનવી બી. એ સંભાળી હતી.સ્વયં શિક્ષક દિનની આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીનીઓમાં નેતૃત્વ, આત્મવિશ્વાસ, જવાબદારીની ભાવના ,સંચાલન કૌશલ્ય તથા શિક્ષણ પ્રત્યેની સમજ વિકશે તે હેતુ સિદ્ધ થયો હતો. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય શ્રી જે. એસ. કુંપાવત તથા શિક્ષક મિત્રોના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# આરોગ્ય પ્રભાત

## અમદાવાદમાં તાવની મોસમ વધુ જટિલ બની રહી છે : ડેન્ગ્યુ, એચ૧એન૧ કે ટાઈફોઈડ?

ચોમાસા દરમિયાન તાવને ઘણી વખત સામાન્ય મોસમી બીમારી ગણીને અવગણવામાં આવે છે. જોકે, અમદાવાદમાં હાલ જોવા મળી રહેલી બીમારીઓનું ચિત્ર વધુ જટિલ છે. ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય ચેપની સાથે ટાઈફોઈડ જેવા દૂષિત પાણીથી થતા રોગો તેમજ એચ૧એન૧ ઈન્ફ્લુએન્ઝા જેવા શ્વસનતંત્રના ચેપ પણ જોવા મળી રહ્યા છે."દરેક તાવ એકસરખો હોતો નથી અને શરૂઆતના તબક્કામાં તેના લક્ષણો એકબીજા સાથે ઘણા અંશે મળતા આવે છે. ડેન્ગ્યુ, ટાઈફોઈડ અને ઈન્ફ્લુએન્ઝા ત્રણેયમાં તાવ, નબળાઈ અને શરીરમાં દુઃખાવો થઈ શકે છે, પરંતુ તેના કારણો અલગ હોય છે અને તેની સારવાર તથા સંભાળની રીત પણ અલગ હોય છે. તાવ કેટલા સમયથી છે, તેની સાથે કયા લક્ષણો જોવા મળી રહ્યાં છે, વ્યક્તિને કયા પ્રકારનો ચેપ લાગવાની શક્યતા ધરાવતા સ્થળ કે પરિસ્થિતિનો સંપર્ક થયો છે અને યોગ્ય તપાસના પરિણામો, આ તમામ બાબતો રોગનું મૂળ કારણ ઓળખવામાં મદદ કરી શકે છે. તબીબી સલાહ વિના જાતે દવાઓ, ખાસ કરીને એન્ટિબાયોટિક્સ, લેવાનું ટાળવું જોઈએ," તેમ ન્યુબર્ગ ડાયગ્નોસ્ટિક્સ, અમદાવાદના ટેક્નિકલ વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. આકાશ શાહે જણાવ્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)ના આંકડા અનુસાર, જુલાઈ ૨૦૨૬માં શહેરમાં ડેન્ગ્યુના ૬૦ અને ટાઈફોઈડના ૨૬૭ કેસ નોંધાયા હતા. આ જ મહિનામાં ઝાડા-ઊલટીના ૪૨૨ કેસ અને કમળાના ૮૮ કેસ નોંધાયા હતા. ૧ જાન્યુઆરીથી ૩૧ જુલાઈ દરમિયાન અમદાવાદમાં ડેન્ગ્યુના કુલ ૨૧૯ કેસ અને ટાઈફોઈડના ૧,૨૦૧ કેસ નોંધાયા હતા.

ઓગસ્ટમાં પણ આ સ્થિતિ યથાવત રહી હતી. મહિનાના પ્રથમ ૧૬ દિવસ દરમિયાન એએમસીના અહેવાલ મુજબ ડેન્ગ્યુના ૬૮, ટાઈફોઈડના ૯૫, ઝાડા-ઊલટીના ૧૯૨ અને કમળાના ૩૯ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત મેલેરિયાના ૪૮ કેસ અને ચિકનગુનિયાનો એક કેસ પણ નોંધાયો હતો.

તે જ સમયે, સ્થાનિક તબીબોએ સિઝનલ ઈન્ફ્લુએન્ઝા અને એચ૧એન૧ના ચેપમાં વધારો નોંધ્યો છે. તેના કારણે પહેલેથી જ જટિલ બનેલા ચોમાસાની તાવની સ્થિતિમાં શ્વસનતંત્રને લગતી બીમારીઓનો પણ ઉમેરો થયો છે.

અમદાવાદના રહેવાસીઓએ શું કરવું?

એકસાથે અનેક પ્રકારના ચેપ ફેલાઈ રહ્યા હોવાથી રોગથી બચવા માટેની સાવચેતી રાખવી મહત્વપૂર્ણ છે:

મચ્છરોનો ઉપદ્રવ અટકાવો: ઘરની આસપાસ, કાર્યસ્થળે, બાંધકામની સાઈટ પર, કુલરમાં તેમજ વિવિધ વાસણો અને કન્ટેનરમાં પાણી ભરાઈને ન રહે તેની ખાતરી કરો.

સુરક્ષિત ખોરાક અને પાણીનો ઉપયોગ કરો: યોગ્ય રીતે શુદ્ધ કરેલું પાણી જ પીવો અને અસ્વચ્છ સ્થળેથી મળતો ખોરાક ખાવાનું ટાળો.

શ્વસન સ્વચ્છતાનું પાલન કરો: નિયમિત રીતે હાથ ધુઓ, ઉધરસ કે છીંક આવે ત્યારે મોં અને નાક ઢાંકો અને ફ્લૂ જેવા લક્ષણો હોય ત્યારે નજીકના સંપર્કને મર્યાદિત રાખો.

બિનજરૂરી એન્ટિબાયોટિક્સ ટાળો: એન્ટિબાયોટિક્સ વાયરલ ચેપની સારવાર કરતી નથી અને ડૉક્ટરની સલાહથી જ લેવી જોઈએ.

સતત રહેતા તાવને અવગણશો નહીં: તાવ લાંબો સમય રહે, વધતો જાય અથવા શ્વાસ લેવામાં તકલીફ, સતત ઊલટી, પેટમાં તીવ્ર દુઃખાવો, રક્તસ્ત્રાવ, શરીરમાં પાણીની ઉણપ અથવા અસામાન્ય નબળાઈ જેવા લક્ષણો સાથે હોય તો તબીબી સલાહ લો.

"અમદાવાદમાં હાલ ચાલી રહેલી તાવની મોસમ એ યાદ અપાવે છે કે તાવ પોતે કોઈ રોગનું નિદાન નથી, પરંતુ એક લક્ષણ છે. જ્યારે એક જ સમયગાળા દરમિયાન ડેન્ગ્યુ, ટાઈફોઈડ અને ઈન્ફ્લુએન્ઝા જેવા રોગો જોવા મળે છે ત્યારે સમયસર તબીબી તપાસ અને યોગ્ય નિદાન માટેની તપાસ ખાસ મહત્વની બની જાય છે. રોગની વહેલી ઓળખથી યોગ્ય સારવાર નક્કી કરવામાં મદદ મળે છે અને બિનજરૂરી દવાઓ લેવાનું ટાળી શકાય છે," તેમ ડૉ. આકાશે ઉમેર્યું હતું.

# HIV/AIDS નિયંત્રણ અને નિવારણ ક્ષેત્રે સાબરકાંઠાને 'સક્ષમ જિલ્લો'નો રાજ્યકક્ષાનો એવોર્ડ



હિંમતનગર,તા.૧૧

"સ્વસ્થ સાબરકાંઠા – સશક્ત સમાજ"ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગે HIV/ AIDS નિયંત્રણ અને નિવારણ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (NACO)ના 'Mobilization for AIDS Suraksha' અભિયાન અંતર્ગત નિર્ધારિત ૯૫%-૯૫%-૯૫% વૈશ્વિક જાહેર આરોગ્ય લક્ષ્યાંકો પૈકી બે લક્ષ્યાંકો સફળતાપૂર્વક પ્રાપ્ત કરવા બદલ સાબરકાંઠા જિલ્લાને 'સક્ષમ જિલ્લો' તરીકે રાજ્યકક્ષાએ સન્માનિત કરવામાં આવ્યો છે.""જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.પી.પટેલના માર્ગદર્શન હેઠળ NACPની સમગ્ર ટીમ દ્વારા HIV/AIDSના નિયંત્રણ અને નિવારણ માટે સંકલિત જાહેર આરોગ્ય અભિગમ અપનાવવામાં આવ્યો છે. HIVનું વહેલું નિદાન, ગુણવત્તાસભર કાઉન્સેલિંગ, સમયસર એન્ટિરેટ્રોવાયરલ થેરાપી (ART) સાથે જોડાણ, સારવારમાં સતત અનુસરણ, જોખમ આધારિત સ્ક્રીનિંગ તેમજ ઉૈંફ સંક્રમણ અંગે વૈજ્ઞાનિક અને તથ્ય આધારિત જનજાગૃતિ જેવા ક્ષેત્રોમાં કરવામાં આવેલી સતત અને પરિણામલક્ષી કામગીરી આ સિદ્ધિનો મુખ્ય આધાર બની છે.""HIV/AIDS નિયંત્રણ માટે સારવારની સાથે રોગપ્રતિરોધ, વહેલું નિદાન, સારવારનું નિયમિત પાલન, સંક્રમણના જોખમમાં ઘટાડો તેમજ સામાજિક કલંક અને ભેદભાવ દૂર કરવા પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ પ્રયાસોના પરિણામે જિલ્લામાં HIV/ AIDS સંબંધિત આરોગ્યસેવાઓની પહોંચ અને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે.""આ કામગીરીની રાજ્યકક્ષાએ નોંધ લઈ ગુજરાત રાજ્યના હેલ્થ કમિશનર તથા પ્રોજેક્ટ ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીના ડૉ. રતનકંવર ગઢવીચારણ દ્વારા સાબરકાંઠા જિલ્લાને 'સક્ષમ જિલ્લો' જાહેર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી તથા GSNP Plus દ્વારા સાબરકાંઠા જિલ્લાને રાજ્યકક્ષાનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.""જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા HIV/AIDS સહિતના સંક્રામક રોગોના નિયંત્રણ, નિવારણ અને જનજાગૃતિ માટેની કામગીરીને આગામી સમયમાં પણ વધુ સુદૃઢ બનાવવામાં આવશે. વહેલું નિદાન, સમયસર સારવાર, સતત અનુસરણ અને ભેદભાવમુક્ત આરોગ્યસેવાના સિદ્ધાંતો સાથે સ્વસ્થ, જાગૃત અને સશક્ત સાબરકાંઠાના નિર્માણ માટે આરોગ્ય વિભાગ પ્રતિબદ્ધ છે.""HIV/AIDS નિયંત્રણ ક્ષેત્રે મળેલું આ સન્માન સમગ્ર સાબરકાંઠા જિલ્લા માટે ગૌરવની બાબત છે અને જાહેર આરોગ્ય ક્ષેત્રે જિલ્લાની પરિણામલક્ષી કામગીરીનું પ્રતિબિંબ છે.

# સોની સબ પર હસ્તિનાપુર કે વીર ના કલાકારો હિન્દી દિવસ નિમિત્તે હિન્દીની સમૃદ્ધિ અને કાલાતીત આકર્ષણનું સન્માન કરે છે




આજના સમયમાં, જ્યાં વાતચીત ઘણીવાર વિવિધ ભાષાઓ વચ્ચે ફેરફાર કરતી રહે છે, ત્યાં હિન્દી એ એવી ભાષા છે જે ભાવનાઓને અવાજ આપે છે, અભિવ્યક્તિને ઊંડાણ આપે છે અને કહાનીઓને જીવંત રાખે છે. આ હિન્દી દિવસના અવસર પર, સોની સબના હસ્તિનાપુર કે વીરના કલાકારો મનીષ વડવા, તોરલ રસપૂત્રા, વિવાણા સિંહ અને આયુધ ભાનુશાલી ભાષાની સુંદરતા અને સમૃદ્ધિ ઉજવી રહ્યા છે, અને શેર કરી રહ્યા છે કે કેવી રીતે તેમના પાત્રોએ તેમને ભાષા સાથે વધુ જોડાવામાં મદદ કરી.

મનીષ વડવા, જે ભીષ્મ પિતામહની ભૂમિકા નિભાવે છે, તેમણે જણાવ્યું, ‘‘અમારા દેશમાં ઘણી સુંદર ભાષાઓ છે અને મને લાગે છે કે આપણે રોજ બોલાતી ભાષાને જાણવી અને સમજવી ખૂબ જ જરૂરી છે. મારા માટે, સારી શબ્દસંપત્તિ અને ભાષાની સમજ માત્ર સંવાદોને વધુ સારી રીતે રજૂ કરવામાં જ નહીં, પણ મારા વિચારો અને ભાવનાઓને અસરકારક રીતે વ્યક્ત કરવામાં પણ મદદ કરે છે. ભીષ્મ પિતામહ માટે સમૃદ્ધ હિન્દી બોલવી એક સુંદર શીખવાનો અનુભવ રહ્યો છે. ભાષામાં એક ઊંડાણ અને ગૌરવ છે, જે ભીષ્મ જેવા પાત્ર માટે ખૂબ જ યોગ્ય છે.’’

આયુધ ભાનુશાલી, જે દુર્યોધનની ભૂમિકા નિભાવે છે, તેમણે જણાવ્યું, ‘‘હું છ વર્ષની ઉંમરથી હિન્દી ટેલિવિઝન શો કરી રહ્યો છું, તેથી વર્ષો દરમિયાન ભાષા સ્વાભાવિક રીતે મારા કામ અને અભિનયના અભ્યાસનો મોટો ભાગ બની ગઈ છે. હસ્તિનાપુર કે વીર માટે અમારી પાસે વર્કશોપ્સ હતાં, જેણે મારી ઉચ્ચારણ અને ભાષાની સમજણમાં ઘણો સુધારો કર્યો. મને લાગે છે કે આથી મારી હિન્દી વધુ મજબૂત બની છે. વર્કશોપ માત્ર શોમાં સારું પ્રદર્શન કરવામાં જ નહીં, પણ મારી ભાષાકૌશલ્ય વિકસાવવામાં પણ મદદ કરી રહ્યું છે.’’

વિવાણા સિંહ, જે ગાંધીારીની ભૂમિકા નિભાવે છે, તેમણે જણાવ્યું, ‘‘શુદ્ધ હિન્દી બોલવી મારા માટે એક અદ્ભુત શીખવાનો અનુભવ રહ્યો છે. નિયમિત પ્રેક્ટિસ, માર્ગદર્શન અને અમારા ડિક્શન સહાયકના સહકારથી હું મારા ઉચ્ચારણ અને રજૂઆતને સુધારી શકી છું. આથી મને ભાષાની સમૃદ્ધિ અને શક્તિશાળી શબ્દો દ્વારા અમારા પાત્રોને વ્યક્ત કરવાની સુંદરતા વધુ સમજાઈ છે.’’

તોરલ રસપૂત્રા, જે કુંતીની ભૂમિકા નિભાવે છે, તેમણે જણાવ્યું, ‘‘અમારા સેટ પર હિન્દી ટ્યુટર છે, જે અમને સંવાદો, ઉચ્ચારણ અને કેટલાક શબ્દોના અર્થ સમજવામાં મદદ કરે છે. આ ઉપયોગી રહ્યું છે કારણ કે શોમાં અમે જે હિન્દી બોલીએ છીએ તે રોજિંદા વાતચીતમાં વપરાતી હિન્દીથી અલગ છે. મને સૌથી વધુ ગમે છે કે આ શીખવાનું શો સાથે પૂરતું નથી. હું વ્યક્તિગત રીતે હવે મારા બોલવાના ઢબ અને શબ્દોની પસંદગી અંગે વધુ જાગૃત બની ગઈ છું. હિન્દી દિવસ એ ભાષાને માન આપવા માટેનું સ્મરણ છે.’’



રાય લક્ષ્મી એક ભારતીય ફિલ્મ અભિનેત્રી અને મોડલ છે, જે મુખ્યત્વે તમિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ અને હિન્દી સિનેમામાં પોતાના પ્રભાવશાળી અભિનય માટે જાણીતી છે. તેમણે ખૂબ જ નાની ઉંમરે મોડલિંગથી પોતાના કરિયરની શરૂઆત કરી હતી અને વર્ષ ૨૦૦૫માં માત્ર ૧૫ વર્ષની ઉંમરે તમિલ ફિલ્મ ’કર્ક કસદર’ દ્વારા પોતાના અભિનય ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું.




# ગુજરાતી સિનેમામાં મનોરંજનનો અનોખો સ્વાદઃ મલ્હાર ઠાકર અને પૂજા જોશી સ્ટારર ફિલ્મ ‘ચટણી’નું ધમાકેદાર ટ્રેલર આઉટ

વર્તમાન સમયમાં ગુજરાતી સિનેમા એક ગોલ્ડન ફેઝમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં કન્ટેન્ટ-ડ્રિવન વાર્તાઓ અને દર્શકોના ભરપૂર પ્રેમને કારણે ઈન્ડસ્ટ્રી નવી ઊંચાઈઓ સર કરી રહી છે. આ ઉત્સાહજનક વાતાવરણ વચ્ચે હવે બહુપ્રતિક્ષિત ફેમિલી એન્ટરટેઈનર ફિલ્મ ’ચટણી’ **(Chatni)** નું સત્તાવાર ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યું છે. **EForU Entertainment** દ્વારા પ્રસ્તુત અને બુદ્ધિપ્રિયાય પિક્ચર્સ એલએલપી પ્રોડક્શનના બેનર હેઠળ નિર્માણ પામેલી આ ફિલ્મનું નિર્દેશન સંદીપ પટેલે કર્યું છે. ટ્રેલરમાં ફિલ્મની વાર્તા, લાગણીઓ અને મનોરંજનની એક અદ્ભુત ઝલક જોવા મળે છે, જેણે રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે.““ટ્રેલરમાં ફિલ્મની રસપ્રદ વાર્તાની ઝલક દર્શાવવામાં આવી છે, જેમાં ૧૨૫ વર્ષ જૂની કૌટુંબિક પરંપરાગત વાનગી અને ચટણીના વારસાને આધુનિક બ્રાન્ડ બનાવવાની એક યુવાન (મલ્હાર ઠાકર)ની ઝુંબેશ જોવા મળે છે. પોતાના પિતાના વિરોધ, સિટી લાઈફના પડકારો અને ધંધાકીય સંઘર્ષ વચ્ચે પણ પોતાની ગૃહિણી માતાના હાથની ચટણીના અસલ સ્વાદને શહેરીજનો સુધી પહોંચાડવાનું તેનું સ્વપ્ન, પ્રેમ અને કૌટુંબિક લાગણીઓની આસપાસ ફિલ્મની કથા ફરે છે. ટ્રેલર દર્શાવે છે કે ’ચટણી’ એ માત્ર એક બિઝનેસ ડ્રામા નથી, પરંતુ પરંપરા અને આધુનિકતાના સંગમ સાથે હાસ્ય, પ્રેમ અને પારિવારિક મુલ્યોનું મનોરંજક મિશ્રણ છે.““ફિલ્મની મુખ્ય આકર્ષક બાબત એ છે કે ઢોલીવુડની લોકપ્રિય રિયલ લાઈફ જોડી મલ્હાર ઠાકર અને પૂજા જોશી લગ્ન પછી પ્રથમ વખત મોટા પડદા પર એકસાથે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ટ્રેલરમાં બંને વચ્ચેની કેમિસ્ટ્રી અને સુંદર અભિનય દર્શકોના દિલ જીતી રહ્યા છે.““પરિવાર, પ્રેમ અને સંબંધોના ઉતાર-ચડાવ પર આધારિત આ વાર્તા સંદીપ પટેલ અને હર્ષ શોધન દ્વારા લખવામાં આવી છે. જે રીતે ભારતીય થાળીમાં ’ચટણી’ સ્વાદમાં વધારો કરે છે, તે જ રીતે આ ફિલ્મ પણ હાસ્ય, કૌટુંબિક લાગણીઓ અને મનોરંજનનો પરફેક્ટ સમન્વય સાબિત થશે.““ફિલ્મમાં મલ્હાર ઠાકર અને પૂજા જોશી ઉપરાંત પ્રશાંત બારોટ, હેતલ મોદી, સ્મિત જોશી, પ્રેમલ યાજ્ઞિક, મનિષા ત્રિવેદી અને આકાશ ઝાલા જેવા જાણીતા કલાકારો પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.““આ ફિલ્મમાં પ્રશાંત મોદી, નિલેશ મોદી, અમિત વેડાવાલા અને હર્ષ પટેલ નિર્માતા છે, જ્યારે મુખ્ય કલાકારો મલ્હાર ઠાકર અને પૂજા જોશી પોતે આ ફિલ્મના કો-પ્રોડ્યુસર પણ છે.

# સની દેઓલની ‘પરશુરામ’ અનિશ્ચિત સમય માટે મુલતવી

મુંબઈ, તા.૧૧

ફિલ્મ ‘કિલ’થી જેના કામની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે એવા ડિરેક્ટર નિખિલ નાગેશ ભટ્ટ હવે હોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. તેઓ ઓસ્કાર વિજેતા અભિનેતા જેમી ફોક્સની એક્શન થ્રિલર ‘ડેડલૉક્ડ’ ડિરેક્ટ કરશે. આ સાથે જ તેમના આગામી હિન્દી પ્રોજેક્ટ ‘પરશુરામ’ને અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવ્યો છે.આ અંગેના અહેવાલ મુજબ, એમેઝોન એમજીએમ સ્ટુડિયોઝ દ્વારા નિર્મિત ‘ડેડલૉક્ડ’નું વૈશ્વિક સ્ટ્રીમિંગ પ્રાઈમ વિડિયો પર થશે. ફિલ્મની વાર્તા એક ભૂતપૂર્વ મરીન અધિકારીની છે, જે જ્યુરી ડ્યુટી દરમિયાન કોર્ટરૂમમાં સર્જાયેલા બંધક સંકટ વચ્ચે ફરી એકવાર એક્શનમાં ઉતરવા મજબુર બને છે.ફિલ્મની પટકથા એરિક સ્કોટ એન્ડરસન અને મેટ તાકેજિરો બોસેકે લખી છે, જ્યારે નિર્માતાઓમાં બ્રાયન કાવાનોફ-જોન્સ, ફ્રેડ બર્ગર, ડેવ કેપલાન અને જેમી ફોક્સનો સમાવેશ થાય છે.નિખિલ નાગેશ ભટ્ટને ફિલ્મ ‘કિલ’થી વૈશ્વિક ઓળખ મળી હતી. ફિલ્મનું પ્રીમિયર ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ માં થયું હતું અને બાદમાં લાયન્સગેટે તેના વૈશ્વિક વિતરણ અધિકારો ખરીદ્યા હતા. લક્ષ્ય અને રાઘવ જુયાલની આ ફિલ્મને ભારતની સૌથી હિંસક ફિલ્મોમાંની એક ગણાવવામાં આવી હતી અને તેણે બોક્સ ઓફિસ પર ૪૭ કરોડથી વધુની કમાણી કરી હતી.હોલિવૂડ પ્રોજેક્ટને પ્રાથમિકતા આપતા નિખિલ નાગેશ ભટ્ટ હવે સની દેઓલ અભિનીત એક્શન થ્રિલર ‘પરશુરામ’નું દિગ્દર્શન હાલ નહીં કરી શકે. અગાઉ ઓક્ટોબર ૨૦૨૬માં શરૂ થનારી ફિલ્મ હવે ૨૦૨૭ સુધી મુલતવી રાખવામાં આવી છે. આ અંગેના અહેવાલ મુજબ, નિર્માતા મધુ મન્ટેના અને માયથ્રી મુવી મેકર્સ હવે બે વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે—નિખિલ નાગેશ ભટ્ટને સમય મળે તેની રાહ જોવી અથવા નવા દિગ્દર્શકની નિમણૂક કરીને ફિલ્મ શરૂ કરવી. આ દરમિયાન ‘જાટ ૨’ને ઝડપથી આગળ વધારવાની ચર્ચા પણ ચાલી રહી છે, જોકે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી.સની દેઓલ ટૂંક સમયમાં ‘લાહોર ૧૯૪૭’, ‘ગબરુ’, નિતેશ તિવારીની ‘રામાયણ’માં ભગવાન હનુમાનની ભૂમિકા તેમજ ‘એન્ટોની’ જેવી ફિલ્મોમાં જોવા મળશે. નિખિલ નાગેશ ભટ્ટ માટે ‘ડેડલૉક્ડ’ માત્ર હોલિવૂડ ડેબ્યુ જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય કારકિર્દીનું મહત્વપૂર્ણ પગલું પણ સાબિત થઈ શકે છે

# ભણસાલીએ ધનુષની પૌરાણિક જંગલ એડવેન્ચર ફિલ્મ માટે કરીનાનો સંપર્ક કર્યો




એજન્સી દ્વારા

મુંબઈ, તા.૧૧

ફિલ્મમેકર સંજય લીલા ભણસાલી અને અભિનેત્રી કરીના કપૂર ખાન વચ્ચે વર્ષોથી ચાલી રહેલા વ્યાવસાયિક મતભેદો હવે સમાપ્ત થવાના સંકેત મળી રહ્યા છે. અહેવાલો મુજબ, ભણસાલીએ પોતાની આગામી ધનુષ અભિનીત પૌરાણિક જંગલ આધારિત ફિલ્મમાં મુખ્ય મહિલા પાત્ર માટે કરીનાનો સંપર્ક કર્યો છે.ભણસાલી અને કરીના વચ્ચેના મતભેદોની શરૂઆત ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં થઈ હતી. તે સમયે કરીનાએ ‘દેવદાસ’ માટે સ્ક્રીન ટેસ્ટ આપ્યો હતો, પરંતુ બાદમાં આ ભૂમિકા ઐશ્વર્યા રાય બચ્ચનને મળતાં કરીના સાથે છેતરપિંડી થઈ હોય એવું લાગ્યું હતું. ત્યારબાદ તેણે ભણસાલી સાથે ક્યારેય કામ નહીં કરવાનો નિર્ણય લીધો હતો. ત્યાર બાદ રામલીલામાં પણ પહેલાં દીપિકાને બદલે કરીનાને કાસ્ટ કરવાના અહેવાલો હતા, અને તેનાં સ્ક્રીન ટેસ્ટ પણ થયા હોવાની ચર્ચા હતી.હવે લગભગ અઢી દાયકા બાદ બંને વચ્ચે સમાધાન થવાની શક્યતા દેખાઈ રહી છે. ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી ચર્ચાઓ અનુસાર, ભણસાલીએ પોતાની આગામી ફિલ્મમાં ધનુષ જેટલું જ મહત્વ ધરાવતા મહિલા પાત્ર માટે કરીનાનો સંપર્ક કર્યો છે. અહેવાલો મુજબ, કરીનાએ આ પ્રસ્તાવમાં રસ દાખવ્યો છે, પરંતુ હજુ સુધી અંતિમ નિર્ણય લીધો નથી. હાલમાં મહેનતાણું, શૂટિંગની તારીખો અને અન્ય કરાર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા ચાલી રહી છે.ધનુષ અભિનીત આ ફિલ્મ એક ભવ્ય પૌરાણિક જંગલ એડવેન્ચર તરીકે તૈયાર થઈ રહી છે. ફિલ્મની વાર્તા અને પાત્રો અંગે સંપૂર્ણ ગુપ્તતા જાળવવામાં આવી છે, જોકે સુત્રોના જણાવ્યા મુજબ ફિલ્મની કથા એક હાથીને કેન્દ્રમાં રાખીને આગળ વધે છે. ફિલ્મનું નિર્માણ સંજય લીલા ભણસાલી કરશે, જ્યારે દિગ્દર્શનની જવાબદારી તમિલ ફિલ્મમેકર પી. એસ. મિત્રન સંભાળશે. ‘ઈરુંબુ તિરાઈ’, ‘હીરો’ અને ‘સરદાર’ જેવી ફિલ્મો માટે જાણીતા મિત્રન હાલમાં ફિલ્મના લેખન કાર્યમાં વ્યસ્ત છે.ફિલ્મનું પ્રી-પ્રોડક્શન નવેમ્બરથી શરૂ થવાની અને મુખ્ય શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૭માં શરૂ થવાની યોજના છે. જોકે કરીનાએ હજુ ફિલ્મ સાઈન કરી નથી, પરંતુ જો આ સહયોગ સાકાર થશે તો તે ભણસાલી સાથેની તેની પહેલી ફિલ્મ હશે અને વર્ષોથી ચાલતા વ્યાવસાયિક મતભેદોનો અંત આવશે એવી ચર્ચા છે.અહેવાલો મુજબ, કરીના રાજ એન્ડ ડીકેની સલમાન ખાન અભિનીત આગામી ફિલ્મ માટે પણ ચર્ચામાં હતી, પરંતુ તે વાતચીત આગળ વધી નથી. કરીના કપૂર ખાન હવે મેઘના ગુલઝાર દિગ્દર્શિત ક્રાઈમ થ્રિલર ‘દાયરા’માં જોવા મળશે. જંગલી પિક્ચર્સ નિર્મિત આ ફિલ્મમાં પૃથ્વીરાજ સુકુમારન પણ મહત્વની ભૂમિકામાં છે. ફિલ્મ ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. બીજી તરફ, સંજય લીલા ભણસાલી હાલમાં પોતાની પિરિયડ રોમેન્ટિક ફિલ્મ ‘લવ એન્ડ વોર’ના ફર્સ્ટ લૂકના લોન્ચની તૈયારીમાં છે. રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ અભિનીત આ ફિલ્મનું શૂટિંગ અંતિમ તબક્કામાં છે અને તે ૨૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ રિલીઝ થશે.

# મને માર મારવામાં આવ્યો, ઊંઘ વિના તાલીમ આપવામાં આવી, મેરી કોમે બિગ બોસ ૨૦માં પોતાનું દુઃખ વ્યક્ત કર્યું

એજન્સી દ્વારા

મુંબઈ,તા.૧૧

‘બિગ બોસ ૨૦’ શરૂ થઈ ગયું છે, અને શો શરૂ થયાના બે દિવસમાં જ, ઝઘડાઓની શ્રેણી શરૂ થઈ ગઈ છે. શોમાં પ્રવેશતા જ, માહી વિજે દરેક પર પ્રભુત્વ મેળવવાનું શરૂ કર્યું, જેનાથી ઘણા સ્પર્ધકો નારાજ થયા.

ઈશા રિખી, અરિશ્ફા ખાન અને અમન ગાંધીએ માહી વિજના બોસી સ્વભાવ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. કેપ્ટનશીપ દાવેદાર પસંદ કરવાનું કામ પણ સમાપ્ત થઈ ગયું છે. તાજેતરમાં બિગ બોસની આ સીઝનમાં સ્પર્ધક તરીકે પ્રવેશેલી મેરી કોમે તેની બોક્સિંગ કારકિર્દી વિશે વાત કરી. ઓસ્ટ્રિયન અભિનેતા રોહેદ ખાન સાથેની વાતચીતમાં, મેરી કોમે તેની સફરની ચર્ચા કરી અને તેની સફળતાનો શ્રેય લેવાનો પ્રયાસ કરનારાઓ પર પણ પ્રહારો કર્યા.

તાજેતરમાં, જિયો હોટસ્ટારના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક નવો પ્રોમો શેર કરવામાં આવ્યો હતો, જેમાં મેરી કોમ અને રોહેદ ખાન વાતચીતમાં જોવા મળે છે. રસોડાના વિસ્તારમાં, મેરી રોહેદ સાથે તેની સફળતાની ચર્ચા કરતી જોવા મળે છે. વાતચીત દરમિયાન, મેરી સમજાવે છે કે જ્યારે લોકો કહે છે કે "તે" (તેના ભૂતપૂર્વ પતિ) એ તેને બનાવી છે ત્યારે તે ખૂબ ગુસ્સે થાય છે. મેરી કહે છે, "તેઓ કહે છે કે મેં તેને બનાવી છે, મેં તે કર્યું છે. તેઓ ક્યારેય રિંગમાં પ્રવેશ્યા નથી, તેઓ રિંગમાં હરાવ્યા નથી. તેઓએ ભાગ્યે જ તાલીમ લીધી છે. છતાં, તેઓ શરમાતા નથીઃ મેં મેરી બનાવી છે. મેં દિવસ-રાત, ખોરાક અને ઊંઘ વિના તાલીમ લીધી. તે સરળ નથી, પ્રયાસ કરો."

વાતચીત દરમિયાન, રોહીદ મેરી કોમ સાથે સંમત થતો હોય તેવું લાગતું હતું, અને ઈશા રિખી પણ મેરી સાથે સંમત થયા હતા. રોહીદ કહે છે કે આજના વિશ્વમાં, લોકો ઘણીવાર મૌનને નબળાઈ સમજી લે છે. તેઓ ધારે છે કે કોઈનો તેમના પર નિયંત્રણ છે, તેથી તેઓ ચૂપ રહે છે. જ્યારે લોકો ચૂપ રહેવાનું પસંદ કરે છે, ત્યારે લોકો ધારે છે કે તેઓ નબળા છે, તેઓ સમજી શકતા નથી કે ક્યારેક મૌન ધીરજ અને શક્તિની નિશાની છે.

બીજી બાજુ, અરિશ્ફા ખાન આમ્રપાલી દુબે અને માહી વિજ સાથે ટકરાતી જોવા મળી હતી. અરિશ્ફાએ બાળક કહેવા પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું, "તમે લોકો બાળકની જેમ જીવી રહ્યા છો, પરંતુ મારું મન તમારા બધા કરતા વધુ તીક્ષ્ણ છે." આમ્રપાલીએ જવાબ આપ્યો, "રીલ કાપવામાં આવી રહી છે. તેને બંધ કરો."

આ સાંભળીને, અરિશ્ફાનો ગુસ્સો ભડકી ગયો અને તેણે કહ્યું કે તેને રીલ કાપવાની જરૂર નથી. આમ્રપાલીએ અરિશ્ફાને શાંત થવા કહ્યું, અને પછી માહી વિજે દલીલમાં કૂદી પડી, તેમને દંભી ગણાવ્યા. આનાથી આમ્રપાલી અને માહી ગુસ્સે થયા, જેમણે બંનેએ અરિશ્ફાને નિશાન બનાવી, જેના કારણે ત્રણેય વચ્ચે ઉગ્ર દલીલ થઈ.

# વૈભવ સૂર્યવંશીનો ગોલ્ડ ચાન્સ, શ્રેયસ ઐયર તોડી શકે છે સપનું



ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે 3 મેચની T20I સિરીઝ 13 સપ્ટેમ્બરથી શરૂ થવાની છે.આ સિરીઝમાં ભારતીય ટીમના યુવા બેટર વૈભવ સૂર્યવંશી માટે ખાસ તક બની શકે છે.વૈભવ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરી ચૂક્યો છે,પરંતુ અત્યાર સુધી તેણે ભારતની ધરતી પર એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી.જો 13 સપ્ટેમ્બરે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાનારી પ્રથમ T20I માટે કેપ્ટન શ્રેયસ ઐયર તેને અંતિમ 11માં સ્થાન આપે છે, તો વૈભવ પ્રથમ વખત પોતાના દેશના મેદાન પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતો જોવા મળશે. જોકે સૌથી મોટો સવાલ એ છે કે શું શ્રેયસ ઐયર તેને આ તક આપશે?

વૈભવ સૂર્યવંશીએ 4 જુલાઈ 2026ના રોજ ઈંગ્લેન્ડ સામે પોતાનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મુકાબલો રમ્યો હતો.ડેબ્યૂ T20Iમાં તે માત્ર 14 રન બનાવીને આઉટ થયો હતો.ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન તેણે કુલ 3 મેચ રમી,પરંતુ બેટિંગમાં પોતાની છાપ છોડી શક્યો નહોતો.ત્યારબાદ વૈભવને ઝિમ્બાબ્વે પ્રવાસમાં પણ તક મળી.ત્યાં રમાયેલી 3 T20I મેચમાંથી તેણે 2 મેચમાં અડધી સદી ફટકારી હતી.આ પ્રદર્શનથી તેણે પોતાની ક્ષમતા સાબિત કરી હતી.હવે અફઘાનિસ્તાન સામેની સિરીઝમાં તેની નજર ભારતની ધરતી પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાના અનુભવ પર રહેશે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે પ્રથમ T20I 13 સપ્ટેમ્બરે દિલ્હીમાં રમાશે.જો વૈભવને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળે છે તો આ તેના માટે ખાસ ક્ષણ હશે.અત્યાર સુધી તેણે ભારતના ઘરઆંગણે ઘરેલુ ક્રિકેટમાં ઘણી મેચ રમી છે અને મોટી ઈનિંગ્સ પણ રમી છે,પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના દેશના મેદાન પર રમવાનો અનુભવ હજુ બાકી છે.આથી દિલ્હીની મેચ વૈભવ માટે યાદગાર બની શકે છે.

અફઘાનિસ્તાન સામેની સિરીઝ માટે ભારતીય ટીમમાં 3 ઓપનર સામેલ છે.વૈભવ સૂર્યવંશી ઉપરાંત અભિષેક શર્મા અને સંજુ સેમસન પણ ટીમનો ભાગ છે. જોકે પ્લેઈંગ ઈલેવનમાં ત્રણેયને એકસાથે તક મળવી મુશ્કેલ લાગી રહી છે.ઈશાન કિશન પણ ટીમમાં છે અને તેને ટોપ ઓર્ડરમાં રમાડવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં કેપ્ટન શ્રેયસ ઐયર માટે ઓપનિંગ જોડી પસંદ કરવી સરળ રહેશે નહીં.સંજુ સેમસનને અગાઉની ઝિમ્બાબ્વે સિરીઝમાં ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો હતો, પરંતુ હવે તેની ફરીથી ટીમમાં વાપસી થઈ છે. બીજી તરફ અભિષેક શર્મા પણ લાંબા સમયથી ટીમની યોજનાનો ભાગ છે. વૈભવ પાસે યુવા ખેલાડી તરીકે પોતાની જગ્યા બનાવવાની તક છે.

વૈભવને અંતિમ 11માં સ્થાન આપવું કે નહીં,તેનો નિર્ણય શ્રેયસ અય્યર માટે મોટો પડકાર બની શકે છે.ત્રણેય ખેલાડીઓમાં પોતાની ક્ષમતા સાબિત કરવાની ક્ષમતા છે અને જેને બહાર રાખવામાં આવશે તેના વિશે ચર્ચા થવાની શક્યતા છે.સિરીઝની ત્રણેય મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં જ રમાવાની હોવાથી ભારતીય ટીમને વારંવાર પ્રવાસ કરવાની જરૂર નહીં પડે.ખેલાડીઓને એક જ સ્થળે તૈયારી કરવાની સારી તક મળશે.હવે સૌની નજર 13 સપ્ટેમ્બરની પ્રથમ મેચ પર છે. જો શ્રેયસ અય્યર વૈભવ સૂર્યવંશી પર વિશ્વાસ મૂકે છે, તો યુવા બેટર પહેલીવાર ભારતની ધરતી પર આંતરરાષ્ટ્રીય મેચ રમતો જોવા મળશે. આ તક વૈભવની કારકિર્દીમાં વધુ એક મહત્વનું પાનું ઉમેરી શકે છે.



# રિઝવાન-ઈમામના કરિયર પર સંકટ? ડેટા લીકના આરોપોમાં થઇ આકરી પૂછપરછ

હાલના દિવસોમાં પાકિસ્તાની ક્રિકેટ ટીમ અને તેમનું ક્રિકેટ બોર્ડ PCB ખૂબ વિવાદોમાં રહ્યું છે, જેનું મુખ્ય કારણ ઈંગ્લેન્ડના પ્રવાસે ગયેલી પાકિસ્તાની ટીમમાંથી વચ્ચેથી જ અચાનક 7 ખેલાડીઓને સ્વદેશ પરત બોલાવી લેવાયા હતા. ઈંગ્લેન્ડ સામેની ચાલી રહેલી ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીની શરૂઆતી બે મેચોમાં શરમજનક પરાજય બાદ PCB દ્વારા આ આકરો નિર્ણય લેવાયો હતો. પરત બોલાવાયેલા ખેલાડીઓમાં અનુભવી વિકેટકીપર અને બેટ્સમેન મોહમ્મદ રિઝવાન અને ઓપનર ઈમામ-ઉલ-હક જેવા મોટા નામો પણ સામેલ હતા. હવે આ સમગ્ર ઘટના બાદ બંને ખેલાડીઓની ક્રિકેટ કારકિર્દી સામે મોટો પ્રશ્નાર્થચિહ્ન ઊભો થઈ ગયો છે. એક તરફ PCBએ પ્રવાસ દરમિયાન ટીમના ખરાબ પ્રદર્શનની સમીક્ષા શરૂ કરી દીધી છે, તો બીજી તરફ રિઝવાન અને ઈમામ સામે ડ્રેસિંગ રૂમની ગોપનીય માહિતી લીક કરવાનો ગંભીર આરોપ લાગ્યો છે, જેના સંદર્ભમાં તેમને પાકિસ્તાનની નેશનલ સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NCCIA) સમક્ષ પૂછપરછ માટે હાજર થવું પડ્યું હતું.

ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન પાકિસ્તાની ટીમના ડ્રેસિંગ રૂમમાંથી સંવેદનશીલ માહિતી બહાર જતી હોવાની બાબત સામે આવ્યા બાદ, PCB એ આ અંગે ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ સાયબર ક્રાઈમ એજન્સીએ ૧૦ સપ્ટેમ્બરના રોજ ઈમામ-ઉલ-હક અને મોહમ્મદ રિઝવાનની પૂછપરછ કરી હતી. રીપોર્ટ મુજબ, PCBએ થોડા દિવસો અગાઉ જાહેરાત કરી હતી કે શિસ્ત અને વર્તણૂક અંગે આંતરિક તપાસ શરૂ કરી દીધી છે. NCCIA દ્વારા ઈમામ અને રિઝવાનની પૂછપરછના સંદર્ભમાં, PCBના પ્રવક્તાએ સ્વીકાર્યું હતું કે અમુક ક્રિકેટરોને સંડોવણીની તપાસ ચાલી રહી છે, પરંતુ તેમણે જણાવ્યું હતું કે બોર્ડ હાલમાં આ બાબતે કોઈ નિવેદન આપવા માંગતું નથી.

NCCIA તરફથી નોટિસ મળ્યા બાદ ઈમામ અને રિઝવાન 10 સપ્ટેમ્બરના રોજ એજન્સી સમક્ષ હાજર થયા હતા, જ્યાં તેમની લગભગ ચાર કલાક સુધી આકરી પૂછપરછ કરવામાં આવી હતી. બોર્ડે આ પૂછપરછ પહેલા જ બંને ખેલાડીઓના મોબાઈલ ફોન જપ્ત કરીને NCCIA ને સોંપી દીધા હતા, જેથી તેમનું ફોરેન્સિક પૃથ્થકરણ કરી શકાય. પૂછપરછ પૂર્ણ થયા બાદ બંને ક્રિકેટરોએ એજન્સીને પોતાનો લેખિત જવાબ રજૂ કરવા માટે વધારાનો સમય માગ્યો છે. નોંધનીય છે કે પાકિસ્તાની ક્રિકેટમાં કોઈ ખેલાડીએ આવી કાનૂની તપાસનો સામનો કરવો પડ્યો હોય તેવી આ કોઈ પહેલી ઘટના નથી. મેદાન પરના નબળા ફોર્મને કારણે પણ આ બંને ખેલાડીઓ અગાઉથી જ સમીક્ષકો અને ચાહકોના નિશાના પર હતા.

# ઈશાન કિશન રચશે ઈતિહાસ, મોટી સિદ્ધિથી માત્ર 10 રન દૂર!

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે 3 મેચની T20I સિરીઝ 13 સપ્ટેમ્બરથી શરૂ થવા જઈ રહી છે.આ સિરીઝ માટે બંને ટીમોની તૈયારીઓ પૂર્ણ થઈ રહી છે.ભારતની ટીમની કમાન શ્રેયસ ઐયરના હાથમાં રહેશે.T20 વર્લ્ડ કપ 2026 બાદ ભારતીય ટીમે આ ફોર્મેટમાં તેમની આગેવાની હેઠળ અત્યાર સુધી 3 સિરીઝ રમી છે,જેમાં ભારતને માત્ર 1 સિરીઝમાં સફળતા મળી છે.તેથી અફઘાનિસ્તાન સામેની સિરીઝ શ્રેયસ ઐયર માટે પણ મહત્વની રહેશે.આ સિરીઝ દરમિયાન ભારતીય ટીમના વિકેટકીપર-બેટર ઈશાન કિશન પાસે એક ખાસ સિદ્ધિ હાંસલ કરવાની તક છે.ઈશાન અફઘાનિસ્તાન સામેની 3 મેચની સિરીઝમાં માત્ર 10 રન બનાવી લે તો તે ભારતના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને પાછળ છોડી શકે છે.

ટીમ ઈન્ડિયામાં વાપસી કર્યા બાદ ઈશાન કિશને બેટિંગમાં સારો દેખાવ કર્યો છે.2026માં પણ તેના બેટમાંથી ઘણા મહત્વપૂર્ણ રન જોવા મળ્યા છે.T20 વર્લ્ડ કપ 2026માં પણ ભારતને ચેમ્પિયન બનાવવામાં ઈશાનની મહત્વની ભૂમિકા રહી હતી.હવે તેની નજર વધુ એક મોટી સિદ્ધિ પર હશે. ઈશાને અત્યાર સુધી ભારત માટે 55 T20I મેચમાં 29.77ની સરેરાશથી 1,608 રન બનાવ્યા છે.બીજી તરફ ધોનીના નામે T20I ક્રિકેટમાં 1,617 રન છે.આ બંને વચ્ચે હાલમાં માત્ર 9 રનનું અંતર છે. એટલે અફઘાનિસ્તાન સામેની સિરીઝમાં ઈશાન 10 રન બનાવી લે તો તે ધોનીને પાછળ છોડી દેશે અને ભારત તરફથી T20Iમાં સૌથી વધુ રન બનાવનાર બેટર્સની યાદીમાં 9મા સ્થાન પર પહોંચી જશે.આ રીતે માત્ર 10 રન ઈશાનને ભારતીય ક્રિકેટના એક દિગ્ગજ ખેલાડીથી આગળ લઈ જઈ શકે છે.ખાસ વાત એ છે કે ઈશાન પાસે 3 મેચ હોવાથી આ સિદ્ધિ હાંસલ કરવાની સારી તક છે. અફઘાનિસ્તાન સામેની સિરીઝ માત્ર ઈશાન કિશન માટે જ નહીં, પરંતુ ઓપનર અભિષેક શર્મા માટે પણ ઘણી મહત્વની રહેશે.2026માં અભિષેકનું પ્રદર્શન તેની ક્ષમતા પ્રમાણે રહ્યું નથી.

# ટીમ ઈન્ડિયાની સુરક્ષામાં મોટી ચૂક? દિલ્હી પહોંચતા જ ઉઠ્યા સવાલ



ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે 13 સપ્ટેમ્બરથી શરૂ થનારી 3 મેચની T20I સિરીઝ મેચ પહેલાં જ અલગ કારણોસર ચર્ચામાં આવી છે. શરૂઆતમાં દિલ્હીમાં યોજાનારા BRICS સંમેલનને કારણે દિલ્હી પોલીસે પ્રથમ મેચની તારીખ બદલવા માટે DDCAને વિનંતી કરી હતી. હવે ટીમ ઈન્ડિયાની સુરક્ષાને લઈને પણ સવાલ ઊભા થયા છે.મીડિયા રિપોર્ટ અનુસાર ભારતીય ટીમના ખેલાડીઓ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં પ્રેક્ટિસ માટે પહોંચ્યા ત્યારે તેમની સાથે કોઈ સુરક્ષા કર્મચારી કે એસ્કોર્ટ વાહન જોવા મળ્યું નહોતું. પ્રેક્ટિસ પૂર્ણ કર્યા બાદ જ્યારે ટીમ હોટેલ પરત ફરી ત્યારે પણ આવી જ સ્થિતિ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

ભારતીય ટીમની સુરક્ષા વ્યવસ્થામાં ચૂક અંગેનો દાવો પત્રકાર અંકન કર દ્વારા કરવામાં આવ્યો છે.તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમ જ્યારે અરુણ જેટલી સ્ટેડિયમમાં પ્રેક્ટિસ માટે પહોંચી અને ત્યાંથી પરત ફરી ત્યારે તેની સાથે કોઈ સુરક્ષા અધિકારી અથવા એસ્કોર્ટ વાહન નહોતું.સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમ જ્યારે હોટેલથી સ્ટેડિયમ સુધી પ્રવાસ કરે છે ત્યારે તેમની સુરક્ષા માટે પોલીસ કાફલો અને એસ્કોર્ટ વાહનની વ્યવસ્થા કરવામાં આવે છે.ટીમના પ્રવાસ દરમિયાન આ સુરક્ષા વ્યવસ્થા તેમની સાથે રહેતી હોય છે.આ ઘટનાને લઈને હવે સવાલ ઊભો થયો છે કે જો ટીમની સુરક્ષા માટે અગાઉથી ચેતવણી આપવામાં આવી હતી તો પ્રેક્ટિસ દરમિયાન પૂરતી વ્યવસ્થા કેમ જોવા મળી નહીં. આ સમગ્ર મામલો એટલા માટે પણ મહત્વનો છે કારણ કે દિલ્હી પોલીસે અગાઉ જ DDCAને BRICS સંમેલનને કારણે સુરક્ષા વ્યવસ્થા પર વધનારા ભાર અંગે જાણ કરી હતી. પોલીસ તરફથી ભારત અને અફઘાનિસ્તાનની ટીમોને સુરક્ષા વ્યવસ્થામાં મુશ્કેલી પડી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.BRICS સંમેલન દરમિયાન દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક રહેવાની હોવાથી ક્રિકેટ મેચ માટે જરૂરી પોલીસ બંદોબસ્ત ઉપલબ્ધ કરાવવો પડકારરૂપ બની શકે છે.આ સ્થિતિ વચ્ચે ટીમ ઈન્ડિયાની સુરક્ષાને લઈને સામે આવેલા દાવાએ ચિંતા વધારી છે.જોકે, સુરક્ષા વ્યવસ્થામાં ખરેખર કેટલી ચૂક થઈ હતી અને તે અંગે સત્તાવાર સ્તરે શું પગલાં લેવામાં આવ્યા છે, તે અંગે હજુ સ્પષ્ટ માહિતી સામે આવી નથી.

# વૈભવની આક્રમક બેટિંગથી ધૂમ, ઈશાન બન્યો રન કિંગ, મુકેશ પણ ચમક્યો

આ વખતની દુલીપ ટ્રોફી 2026-27નો રોમાંચક અંત આવ્યો છે, જેમાં ઈસ્ટ ઝોન ચેમ્પિયન બન્યું છે. ચેન્નાઈમાં રમાયેલી ફાઈનલ મેચમાં સાઉથ ઝોન સામે પ્રથમ ઈનિંગ્સની નિર્ણાયક સરસાઈ મેળવીને ઈસ્ટ ઝોને 13 વર્ષના લાંબા વિરામ બાદ આ ખિતાબ પોતાના નામે કર્યો હતો. જો કે, મેચ ડ્રો રહી હતી, પરંતુ પ્રથમ દાવની આ સરસાઈના આધારે ઈસ્ટ ઝોન વિજેતા જાહેર થયું હતું.



અહીં વિશેષ વાત એ રહી હતી કે, 13 વર્ષ અગાઉ પણ ઈસ્ટ ઝોને એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે જ આ ટ્રોફી જીતી હતી. આ સાથે ઈસ્ટ ઝોનનો આ એકંદર ત્રીજો દુલીપ ટ્રોફી ખિતાબ છે.આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં અનેક બેટ્સમેનોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેમાં ઈસ્ટ ઝોનના કેપ્ટન ઈશાન કિશને શાનદાર રમીને ટીમને જીત અપાવી હતી. તેણે 3 મેચોમાં 102.25ની અદ્ભુત એવરેજથી કુલ 409 રન બનાવીને ટુર્નામેન્ટના સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન તરીકે ટોચનું સ્થાન મેળવ્યું હતું. તેનો સર્વોચ્ચ સ્કોર 270 રન રહ્યો હતો. સાઉથ ઝોન સામેની ફાઈનલમાં તેમણે 334 બોલમાં 30 ચોગ્ગા અને 7 છગ્ગા સાથે 270 રનની યાદગાર ઈનિંગ્સ રમી હતી, અને બીજી ઈનિંગ્સના 80 રન ઉમેરીને મેચમાં કુલ 350 રન બનાવ્યા હતા. આ શ્રેષ્ઠ રમતના કારણે તેમને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા.

બીજા ક્રમે સાઉથ ઝોનના કેપ્ટન તિલક વર્મા રહ્યા હતા. તેમણે માત્ર 2 મેચમાં 266ની એવરેજથી 266 રન ફટકાર્યા હતા અને 'પ્લેયર ઓફ ધ સિરીઝ'નો એવોર્ડ પોતાના નામે કર્યો હતો. સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેનોમાં કુમાર કુશાગ્ર (224 રન) ત્રીજા, સુદીપ કુમાર ઘરામી (193 રન) ચોથા અને વૈભવ સૂર્યવંશી (192 રન) પાંચમા સ્થાને રહ્યા હતા.

આ દરમિયાન વૈભવ સૂર્યવંશીએ ટુર્નામેન્ટમાં સૌથી મજબૂત સ્ટ્રાઈક રેટ નોંધાવ્યો હતો. તેમણે 183 બોલમાં 104.92ના તોફાની સ્ટ્રાઈક રેટથી 192 રન બનાવ્યા હતા. 15 વર્ષીય વૈભવે સેમિફાઈનલમાં સેન્ટ્રલ ઝોન સામે 92 રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી અને ફાઈનલમાં પણ 44 રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ટોપ-5માં સ્થાન મેળવીને તેમણે સાબિત કર્યું કે તેઓ રેડ-બોલ ક્રિકેટમાં પણ અત્યંત આક્રમક બેટિંગ કરી શકે છે.

બીજી તરફ, સેન્ટ્રલ ઝોન વતી રમી રહેલા રિંકુ સિંહ આ વખતે અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યો ન હતો. ઈસ્ટ ઝોન સામેની સેમિફાઈનલની પ્રથમ ઈનિંગ્સમાં તેઓ 88 બોલમાં 60 રન બનાવી શક્યો હતો, જ્યારે બીજી ઈનિંગ્સમાં ખાસ કંઈ કરી શક્યા નહીં. પરિણામે, તે સર્વોચ્ચ રન બનાવનારા બેટ્સમેનોની યાદીમાં પણ સ્થાન બનાવી શક્યો ન હતો.

# Women Asia Cup 2026 : દીપ્તિ શર્માનો હૂંકાર, સામે પાકિસ્તાન હોય કે શ્રીલંકા, કોઈ ફરક નથી પડતો



એશિયા કપ 2026ની પ્રથમ સેમિફાઈનલમાં બાંગ્લાદેશને હરાવીને ભારતીય મહિલા ક્રિકેટ ટીમે સતત 10મી વખત આ ટુર્નામેન્ટની ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. આ સાથે જ આવી સિદ્ધિ હાંસલ કરનારી ભારત એકમાત્ર ટીમ બની ગઈ છે.અત્યાર સુધીમાં ભારતે સૌથી વધુ સાત વખત આ ખિતાબ પોતાના નામે કર્યો છે.અત્યાર સુધીમાં આ ટુર્નામેન્ટમાં ભારતે તેની તમામ મેચો જીતી લીધી છે. હવે શુક્રવારે પાકિસ્તાન તથા શ્રીલંકા વચ્ચે રમાનારા બીજા સેમિફાઈનલના વિજેતા સામે ફાઈનલ જંગ ખેલાશે. ફાઈનલમાં પહોંચ્યા બાદ ભારતીય ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ જણાવ્યું હતું કે, ફાઈનલમાં સામે પાકિસ્તાન હોય કે શ્રીલંકા, તેનાથી ટીમને કોઈ ખાસ ફરક પડતો નથી.

બાંગ્લાદેશ સામે 40 રને શાનદાર વિજય મેળવ્યા બાદ દીપ્તિએ એક પ્રશ્નના જવાબમાં કહ્યું, હકીકતમાં એ પરિણામ પર નિર્ભર કરે છે, પરંતુ ભારતીય ટીમ આ બાબતે સ્પષ્ટ છે. અમારી ટીમ કોઈ પણ વિરોધી ટીમને હળવાશથી લેતી નથી. ફાઈનલમાં પાકિસ્તાન આવે કે શ્રીલંકા, તેનાથી કોઈ ફરક નથી પડતો. એક ટીમ તરીકે અમારો અભિગમ હંમેશાં એ જ રહે છે કે અમે દરેક મેચમાં વધુ સારું પ્રદર્શન કેવી રીતે કરી શકીએ. એક ટીમ તરીકે અમે એવું જ વિચારીએ છીએ કે મેચમાં અમારું શ્રેષ્ઠ યોગદાન કેવી રીતે આપી શકીએ. અમે સાથે બેસીને કાલની મેચ જોઈશું, જેથી ફાઈનલ માટે રણનીતિ ઘડી શકાય. ભારતે આ સ્પર્ધામાં અત્યાર સુધી પોતાની તમામ મેચો જીતી છે, જેમાં પાકિસ્તાન સામેની મેચનો પણ સમાવેશ થાય છે. ગ્રુપ સ્ટેજની એ મેચમાં ભારતે પાકિસ્તાનને 55 રનથી હાર આપી હતી અને 68 બોલ બાકી હતા ત્યારે જ લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. તે મેચમાં દીપ્તિએ બે વિકેટ ઝડપી હતી. સેમિફાઈનલમાં બાંગ્લાદેશ સામે 26 રનમાં 3 વિકેટ લેવાની સાથે જ દીપ્તિ આ એશિયા કપમાં સૌથી વધુ વિકેટ લેનારી બોલર બની ગઈ છે. તેના નામે હવે કુલ 11 વિકેટો છે. આ ઉપરાંત તેણે બેટિંગમાં પણ અંતિમ ક્ષણોમાં માત્ર છ બોલમાં એક ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ઝડપી 13 રન ફટકાર્યા હતા.

જો કે, ફાઈનલ પહેલા ભારત માટે કેચિંગ અને ફિલ્ડિંગ ચિંતાનો વિષય બન્યું છે, જે ફાઈનલ મેચમાં મુશ્કેલી ઊભી કરી શકે છે. ટીમનો કેચ છોડવાનો સિલસિલો યથાવત રહ્યો છે, અને બાંગ્લાદેશ સામેની મેચમાં પણ ભારતીય ખેલાડીઓએ ચાર કેચ છોડ્યા હતા. કેચિંગ અંગે વાત કરતા દીપ્તિએ જણાવ્યું હતું કે, એક ટીમ તરીકે અમે ફિલ્ડિંગમાં સખત મહેનત કરી રહ્યા છીએ અને પ્રેક્ટિસ સેશનમાં કેચિંગ પર ઘણું ધ્યાન આપી રહ્યા છીએ. મારૂં માનવું છે કે કોઈક દિવસે મેદાન પર આવી ભૂલો થઈ જતી હોય છે, પરંતુ એક ટીમ તરીકે અમે ફાઈનલ માટે સંપૂર્ણ રીતે સજ્જ અને તૈયાર છીએ.

# મોહમ્મદ સિરાજની બોલિંગમાંથી સ્વિંગ ગાયબ! દુલીપ ટ્રોફી બાદ તોડ્યું મૌન!



ભારતીય ટીમના ઝડપી બોલર મોહમ્મદ સિરાજ છેલ્લા કેટલાક સમયથી પોતાની જાણીતી લયમાં જોવા મળ્યા નથી.શ્રીલંકા પ્રવાસ બાદ દલીપ ટ્રોફીના ફાઈનલમાં પણ તેમની બોલિંગમાં ઝડપ અને ધારનો અભાવ જોવા મળ્યો હતો.આ કારણે તેમની ફિટનેસ અને મેચ પ્રેક્ટિસને લઈને સવાલો ઊભા થયા હતા.જોકે હવે સિરાજે પોતે જ પોતાની બોલિંગમાં આવેલા ફેરફારનું કારણ જણાવી દીધું છે.સિરાજના મતે લાંબા સમય સુધી ક્રિકેટથી દૂર રહેવાને કારણે તેમની લય પર અસર પડી હતી.તેઓએ કહ્યું કે લગભગ 2 મહિના સુધી આરામ કર્યા બાદ સીધી મેચમાં ઉતરવું સરળ નહોતું અને શરૂઆતમાં તેઓ પોતાની સંપૂર્ણ લય મેળવી શક્યા નહોતા. દૂલીપ ટ્રોફીના ફાઈનલમાં સિરાજ સાઉથ ઝોન તરફથી રમ્યા હતા.પ્રથમ દાવમાં તેમણે લાંબો 25 ઓવરનો સ્પેલ કર્યો હતો,પરંતુ એક પણ વિકેટ મેળવી શક્યા નહોતા.આ દરમિયાન તેમણે 140 રન આપ્યા હતા.સૌથી વધુ ધ્યાન તેમની બોલિંગની ઝડપ પર ગયું હતું. સામાન્ય રીતે 135થી 140 કિમી પ્રતિ કલાક અથવા તેનાથી વધુ ઝડપે બોલિંગ કરનાર સિરાજ આ મેચમાં મોટાભાગે 125થી 130 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરતા જોવા મળ્યા હતા.સાથે જ તેમને સ્વિંગ અને સીમમાંથી પણ ખાસ મદદ મળી નહોતી.શ્રીલંકા પ્રવાસ દરમિયાન પણ સિરાજની બોલિંગમાં આ પ્રકારનો ફેરફાર જોવા મળ્યો હતો. કોલંબો ટેસ્ટમાં તેમની ઝડપ ઓછી રહેતા તેમની ફિટનેસ અંગે ચર્ચા શરૂ થઈ હતી. જોકે તે સમયે કેપ્ટન શુભમન ગિલે કહ્યું હતું કે સિરાજને પૂરતી મેચ પ્રેક્ટિસ મળી નહોતી. દલીપ ટ્રોફી ફાઈનલ બાદ સિરાજે પોતાની સ્થિતિ અંગે ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું કે તેઓ લય આધારિત બોલર છે અને રિધમમાં ન હોય ત્યારે પોતાની શ્રેષ્ઠ બોલિંગ કરી શકતા નથી.સિરાજે સમજાવ્યું કે લાંબા આરામ બાદ વાપસી કરતી વખતે તેમના રનઅપમાં પણ તાલમેલ જોવા મળતો નહોતો. કેટલીક વખત તેમના પગલાં નાના તો કેટલીક વખત મોટા પડી રહ્યા હતા. તેના કારણે તેમની લય તૂટી અને બોલિંગની ઝડપ પર પણ અસર પડી.જોકે ફાઈનલની બીજી ઈનિંગમાં સિરાજ વધુ સારા દેખાયા હતા. તેમની લાઈન અને લેન્થમાં સુધારો થયો હતો અને બોલિંગમાં પણ પહેલાની સરખામણીમાં વધુ લય જોવા મળી હતી.

# સુનીલ ગાવસ્કરનો આઈસીસી પર મોટો પ્રહાર, કહ્યું-ખેલાડીઓ મશીન નથી, ક્યાં સુધી નિચોવશો?



ભારતીય ક્રિકેટ ટીમના સતત વ્યસ્ત કાર્યક્રમને લઈને ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે. છેલ્લા કેટલાક સમયથી ટીમ ઈન્ડિયા સતત એક પછી એક શ્રેણી અને ટૂર્નામેન્ટ રમી રહી છે. તેના કારણે ખેલાડીઓના આરામ અને વર્કલોડને લઈને પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હવે ભારતના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ એટલે કે ICCના ક્રિકેટ કાર્યક્રમને લઈને મોટો સવાલ ઉઠાવ્યો છે.તાજેતરમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એટલે કે BCCIની બેઠકમાં ટીમ ઈન્ડિયાના આગામી ફ્યુચર ટૂર પ્રોગ્રામમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેનો મુખ્ય હેતુ ખેલાડીઓને પૂરતો આરામ આપવાનો છે. આ નિર્ણય વચ્ચે ગાવસ્કરે ICCને આંતરરાષ્ટ્રીય ક્રિકેટનું કાર્યક્રમ વધુ યોગ્ય રીતે તૈયાર કરવાની અપીલ કરી છે.

સુનીલ ગાવસ્કરે પોતાના લેખમાં ભારતીય ખેલાડીઓના સતત વ્યસ્ત કાર્યક્રમ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.તેમણે કહ્યું કે ભારતીય ક્રિકેટરો મશીન નથી કે સતત તેમની પાસેથી કામ લેવામાં આવે.તેમણે ખેલાડીઓની સરખામણી શેરડી સાથે કરતા સવાલ કર્યો કે તેમની પાસેથી રસનું દરેક ટીપું કાઢવાની કોશિશ ક્યાં સુધી કરવામાં આવશે?ગાવસ્કરના મતે 2027થી શરૂ થનારા આગામી 4 વર્ષના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાર્યક્રમની ચર્ચા જ્યારે ICCમાં થશે ત્યારે નિર્ણય લેનારાઓએ ખેલાડીઓના આરામ અને તેમના સ્વાસ્થ્યને પણ ગંભીરતાથી ધ્યાનમાં લેવું જોઈએ.છેલ્લા કેટલાક સમયથી ભારતીય ટીમ સતત ક્રિકેટ રમી રહી છે. તેના કારણે કેટલાક મહત્વના ખેલાડીઓ ઈજાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ટીમના મુખ્ય ખેલાડીઓની ઈજા ભારતીય ટીમના સંચાલન માટે ચિંતાનો વિષય બની છે.

# ગુજરાતી ઉદ્યોગસાહસિક મુકેશ વસાણી અમેરિકામાં ડૉ. આર. પી. પાર્નેર્કર ઉદ્યોગરત્ન એવોર્ડ થી સન્માનિત



એઈમટ્રોન ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડના સ્થાપક અને ચેરમેન તથા એઈમટ્રોન ગ્રૂપના ચેરમેન અને સીઈઓ મુકેશ વસાણીને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઉદ્યોગ અને સમુદાયમાં તેમના અસરકારક પ્રદાનમાં તેમના કાર્ય બદલ પ્રતિષ્ઠિત ડૉ. આર. પી. પાર્નેર્કર મેમોરિયલ ઉદ્યોગ રત્ન એવોર્ડ ૨૦૨૬ આપવામાં આવેલ.

એવોર્ડ ની પ્રાપ્તિ બાદ એઈમટ્રોન ગ્રુપ ના સ્થાપક ચેરમેન મુકેશ વસાણી એ જણાવ્યું કે, ''મેં મારી સફર ગુજરાતના એક નાના ગામથી શરૂ કરી હતી જે અમેરિકા પહોંચી છે. મેં અને મારા પરિવારજનોએ આકરી મહેનત, શિસ્ત અને અનેક લોકોના સાથસહકારથી એઈમટ્રોનને ઊભી કરી છે. હું આ એવોર્ડ એઈમટ્રોનના સમગ્ર પરિવાર, અમારા કર્મચારીઓ, મિત્રો, ગ્રાહકો, પાર્ટનરો અને શુભચિંતકો તરફથી સ્વીકારું છું.''

અમેરિકાના ઈલિયોનોઈસમાં નેશનલ ઈન્ડિયા હબમાં યોજાયેલા ભવ્ય 'સ્પિરિટ ઓફ સર્વિસ' એવોર્ડ સમારંભ દરમિયાન આ એવોર્ડ એવીજી એડવાન્સ્ડ ટેકનોલોજીસના ચેરમેન શલાભ કુમારે દ્વારા ડૉ. એલ. વી. પાર્નેર્કરની હાજરીમાં ડૉ. પાર્નેર્કર લાઈફ મેનેજમેન્ટ ફાઉન્ડેશન દ્વારા એનાયત થયેલ, આ કાર્યક્રમમાં શિક્ષણ, જાહેર સેવા અને સામુદાયિક સેવામાં કાર્યરત વિવિધ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને સંસ્થાઓને પણ બિરદાવવામાં આવી હતી. કાર્યક્રમ માં મહાનુભાવો દ્વારા સૂચિત કરવામાં આવેલ કે, ટેકનોલોજી અને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનજ વિશ્વને ભવિષ્યની દિશા આપશે. શ્રી વસાણીએ ૩૨ વર્ષની વયે કોલેજમાં પરત ફરીને પુનઃ અભ્યાસ કરવાનો સાહસિક નિર્ણય લીધો તો અને ઈલિયોનોઈસમાં ડેવ્રી ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટમાં ઈલેક્ટ્રોનિક્સ એન્જિનીયરિંગ ટેકનોલોજીનો અભ્યાસ કર્યો હતો. વર્ષ ૨૦૦૯માં તેમણે ઍમટ્રોનની સિંગલ યુઝ એસએમટી ઉત્પાદન લાઈન સાથે શરૂઆત કરી હતી. એક મધ્યમ કક્ષાના સાહસ સાથે શરૂ થયેલ 'એઈમટ્રોન' અત્યાર સુધીમાં ભારત અને અમેરિકામાં કામગીરી સાથે ઈલેક્ટ્રોનિક્સ ડિઝાઈન અને ઉત્પાદન કંપનીમાં વિકસી છે, જેમાં એરોસ્પેસ અને સંરક્ષણ, હેલ્થકેર, ઓટોમોટિવ, ઔદ્યોગિક, એગ્રોટેક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત વિવિધ ક્ષેત્રો સામેલ છે.

ગુજરાતમાં એક નાના ગામમાંથી આંતરરાષ્ટ્રીય સ્તરનું ઈલેક્ટ્રોનિક્સ વ્યવસાય સુધીની વસાણીની વિકાસગાથા શિક્ષણ, પુરુષાર્થ અને બુદ્ધિ ના સમન્વય ની સફળ ગાથા છે.

તેમણે ઉમેર્યું હતું કે, ''મારું માનવું છે કે, વ્યવસાયની વૃદ્ધિનો ખરો અર્થ એ છે કે, તેમાંથી રોજગારીઓનું સર્જન થાય, લોકોનો વિકાસ થાય, ટેકનોલોજી આગેકૂચ કરે અને સમાજને કશું પરત મળે. આ એવોર્ડ અમને એક આંતરરાષ્ટ્રીય ઈલેક્ટ્રોનિક્સ કંપની બનાવવાની સાથે શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સામુદાયિક વિકાસમાં સાથસહકાર ચાલુ રાખવા પ્રેરિત કરે છે.''

આ વ્યવસાયની વૃદ્ધિ સાથે સાથે વસાણીએ શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ઔદ્યોગિક તાલીમ પર પણ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. એઈમટ્રોન ફાઉન્ડેશન મારફત કંપની વિવિધ શૈક્ષણિક અને સામુદાયિક પહેલોને ટેકો આપે છે. એવોર્ડ વસાણીની ગુજરાતના એક નાના ગામમાંથી ભારત અને અમેરિકામાં કામગીરી સાથે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન વ્યવસાય ઊભો કરવાની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે.

## નાગપુરમાં ચોંકાવનારી ઘટના

# બેંકમાં ઘૂસી કર્મચારીઓની આંખમાં મરચું છાંટી લાખોની લૂંટ

નાગપુર, તા.૧૧

વેબસિરીઝ અને ફિલ્મોમાં તો આપણે બેંકોમાં ધોળા દિવસે લૂંટ થતાં જોઈ છે. પણ મહારાષ્ટ્રના નાગપુરમાં ફિલ્મને પણ ટક્કર મારે એવી ઘટના બની છે. જ્યાં સક્કરદરા વિસ્તારમાં આવેલી જીૅ બેંકની બ્રાન્ચમાં એક શખ્સ બેંકમાં ઘૂસ્યો હતો, તેણે બેંક કર્મચારીઓની આંખામાં લાલ મરચું પાઉડર નાખીને ૪ લાખ રૂપિયા હડપ કરી લીધા હતા અને બેંકમાંથી ફરાર થઈ ગયો હતો.

જોકે, આ ઘટનાની જાણ થતાં જ પોલીસ સુપર એક્ટિવ થઈ ગઈ હતી. પોલીસે અડધા જ કલાકમાં આરોપીને ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી લૂંટના રકમ પણ જપ્ત કરી હતી. હાલ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ, નાગપુરના સક્કરદરા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચમાં ગઈકાલે ગુરુવારે દરરોજની જેમ કામકાજ ચાલી રહ્યું હતું. બેંકના કર્મચારીઓ પોત-પોતાના કામમાં વ્યસ્ત હતા, ત્યારે એક વ્યક્તિ સામાન્ય ગ્રાહકની જેમ બેંકમાં ઘૂસ્ય હતો. તે સીધો કેશ કાઉન્ટરની નજીક પહોંચ્યો હતો. જે બાદ તેણે કેશ કાઉન્ટર પર બેઠેલા બેંક કર્મચારી અને તેમની બાજુની કેબિનમાં બેઠેલા કર્મચારીની આંખમાં લાલ મરચું પાઉડર નાખ્યો હતો. આંખમાં અચાનક મરચું પડતા બેંક કર્મચારીઓ ચીસા-ચીસ કરવા લાગ્યા હતા.

આ ઘટનાને પગલે બેંકમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બેંક કર્મચારીઓની આંખમાં લાલ મરચું પાઉડર નાખીને તે શખ્સ તાત્કાલિક કેશ કાઉન્ટરમાંથી ૪ લાખ રૂપિયા ઉઠાવીને ફરાર થઈ ગયો હતો. બેંક કર્મચારીઓ અને સુરક્ષા ગાર્ડે પોતાના જીવની પરવાહ કર્યા વગર હિંમત દાખવીને આરોપીનો પીછો કરવાનો પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ ભીડ વધારે હોવાથી તેને ક્યાંક નાસી છૂટ્યો હતો. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે.

બીજી બાજુ બેંકના અધિકારીએ સમગ્ર મામલે પોલીસને જાણ કરતા સક્કરદરા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે ઘટનાને ગંભીરતાથી લઈને નાક્કાબંધી કરવાના આદેશ આપ્યા હતા.

પોલીસની ટીમોએ સીસીટીવી ફૂટેજ તપાસવાનું શરૂ કર્યું હતું. માત્ર ૩૦ મિનિટની અંદર પોલીસે આરોપીને ટ્રેસ કરીને દબોચી લીધો હતો. તપાસ દરમિયાન પોલીસે આરોપી પાસેથી બેંકમાંથી લૂંટવામાં આવેલા ૪ લાખ રૂપિયા પણ મળી આવ્યા હતા. હાલ આરોપીની ધરપકડ કરીને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# રાંચરડા ખાતે આવેલા શ્રી સંકટમોચન હનુમાન નીબ કરૌરી બાબા મંદિરમાં ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો



ઉત્તરાખંડના પ્રસિદ્ધ સંત શ્રી નીબ કરૌરી બાબા, જેમને હનુમાનજીનો અવતાર માનવામાં આવે છે, તેમનો મહાસમાધિ દિવસ શુક્રવાર, તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ રાંચરડા ખાતે આવેલા શ્રી સંકટમોચન હનુમાન નીબ કરૌરી બાબા મંદિરમાં ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

મંદિરના સંસ્થાપક ડો. પ્રવીણ ગર્ગના જણાવ્યા અનુસાર સવારે ૮:૦૦ વાગ્યે બાબાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી, જ્યારે સાંજે ૮:૩૦ વાગ્યે ૧૧ હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા. સમગ્ર દિવસ દરમિયાન મંદિર ખાતે ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

આ ભારતનું ચોથું એવું દિવ્ય મંદિર છે, જ્યાં હનુમાનજી વિશ્રામ અવસ્થામાં બિરાજમાન છે. મંદિર ખાતે દર રવિવારે સાંજે ૫:૩૦ વાગ્યે સુંદરકાંડના પાઠનું નિયમિત આયોજન કરવામાં આવે છે.

સંત શ્રી નીબ કરૌરી બાબાની શિક્ષા "Love All, Serve All, Feed All" અનુસાર મંદિર ખાતે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. ૩ રામ રોટી સેવા રથ દ્વારા નિયમિત રીતે આશરે ૫૦૦ જરૂરિયાતમંદ લોકોને ભોજન પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત અન્ય વિવિધ સેવાકીય કાર્યો પણ કરવામાં આવે છે.

મહાસમાધિ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં શાળાના ૧૦૦ જેટલા બાળકોએ મંદિર ખાતે શ્રી નીબ કરૌરી બાબા તથા હનુમાનજીના દર્શન કર્યા હતા અને ભક્તિભાવપૂર્વક હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા.

શ્રી નીબ કરૌરી બાબાના આશીર્વાદથી આ મંદિર ધીમે ધીમે લોકોની શ્રદ્ધા, આસ્થા અને વિશ્વાસનું કેન્દ્ર બની રહ્યું છે.

# ગુજરાતમાં દુષ્કાળની ગંભીર સ્થિતિ છતાં રાહત આપવામાં સરકારનો વિલંબ : કોંગ્રેસ

પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૧૧

સમગ્ર ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં લાંબા સમયથી વરસાદ ખેંચાતા સ્થિતિ અત્યંત ભયાનક બની ગઈ છે. ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે, ગામડાઓમાં પીવાના અને સિંચાઈના પાણીની ભારે અછત સર્જાઈ છે, પશુઓ માટે ઘાસચારો નથી અને ખેતરોમાં ઊભો પાક બળીને ખાખ થઈ ગયો છે. આવી કટોકટીની સ્થિતિમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ સરકાર સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે તાત્કાલિક અછત અને દુષ્કાળ જાહેર કરવાની જરૂરિયાત હોવા છતાં, સરકારી તંત્ર ખેડૂતોની પીડા જોવાના બદલે ટેકનિકલ નિયમો અને સર્વેની આડ લઈને પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરી રહ્યું છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભામાં નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચાની નોટિસ આપીને સરકાર સમક્ષ તાત્કાલિક દુષ્કાળ જાહેર કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી હતી. જોકે સરકારના વલણથી સાબિત થયું છે કે તેના માટે ખેડૂતોની સ્થિતિ કરતાં કાગળ પરના આંકડા અને નિયમો વધારે મહત્ત્વના છે. રાજ્યના અનેક વિસ્તારોમાં છેલ્લા ૮ અઠવાડિયાથી વરસાદ પડ્યો નથી, છતાં સરકાર ૩૧ ઓક્ટોબર સુધી સર્વે કરવાના નામે સમય પસાર કરી રહી છે, જે ખેડૂતો પ્રત્યે સીધો અન્યાય છે.

સરકારની પોતાની જ 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના'ના ગાઈડલાઈન મુજબ સતત ૪ અઠવાડિયા સુધી વરસાદ ન પડે તો ગંભીર સ્થિતિ અને સતત ૮ અઠવાડિયા સુધી વરસાદ ન પડે તો અતિ ગંભીર સ્થિતિ ગણવામાં આવે છે. હાલમાં ગુજરાતમાં ૧૧૨થી વધુ તાલુકાઓ એવા છે જે આ વ્યાખ્યા મુજબ ગંભીર અને અતિ ગંભીર દુષ્કાળની શ્રેણીમાં આવે છે. જો સરકારને પોતાના બનાવેલા નિયમો પર વિશ્વાસ હોય, તો આ તાલુકાઓમાં તાત્કાલિક સર્વે પૂરો કરીને ખેડૂતોના પાક નુકસાનનું વળતર જાહેર કરવામાં વિલંબ ન થવો જોઈએ.

## અનેક ઉમેદવારોએ ચડાવી બાયો

# એપીએમસી ચૂંટણીમાં ભાજપના સત્તાવાર મેન્ડેટનું સુરસુરિયું થયું

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી વિવિધ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) અને સહકારી સંઘોની ચૂંટણીના પરિણામોએ રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો લાવી દીધો છે. સહકારી ક્ષેત્ર પર પોતાનો એકચક્રી શાસન અને મજબૂત પકડ જાળવી રાખવા માટે ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા સત્તાવાર મેન્ડેટ પ્રથા અમલમાં મૂકવામાં આવી હતી, પરંતુ આ ચૂંટણીઓમાં ભાજપના જ ઉમેદવારો અને સ્થાનિક નેતાઓએ પક્ષના મેન્ડેટ સામે ખુલ્લેઆમ બળવો પોકાર્યો છે. ધોળકા, ધાનેરા, ઈડર અને લોધિકા જેવા મહત્વના વિસ્તારોમાં ભાજપના સત્તાવાર મેન્ડેટનું સુરસુરિયું થઈ ગયું છે.

રાજકોટ લોધિકા ખરીદ-વેચાણ સંઘની ચૂંટણીના પરિણામોએ ગુજરાતના સહકારી રાજકારણમાં મોટો રાજકીય ભૂકંપ સર્જ્યો હતો. આ ચૂંટણીમાં ભાજપની સત્તાવાર મેન્ડેટ પ્રથા સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ છે અને સહકારી ક્ષેત્રમાં જયેશ રાદડિયા જૂથનો દબદબો ફરી એકવાર સાબિત થયો છે. ઉલ્લેખનીય છે કે સંઘની કુલ ૧૫ બેઠકોમાંથી ૧૦ બેઠકો અગાઉથી જ બિનહરીફ જાહેર થઈ ચૂકી હતી. પરિણામ બાદ જયેશ રાદડીયા અને અરવિંદ રૈયાણીના સમર્થકો સોશિયલ મીડિયા પર સામસામે આવી ગયા હતા અને પોસ્ટર વોર શરુ થઈ ગયું હતું. તો બીજી તરફ મેન્ડેટ વિરુધ જનાર સામે કાર્યવાહી કરવા અલ્પેશ ઢોલરિયાના પ્રદેશ પ્રમુખને પત્ર લખ્યો છે.

અમદાવાદ જિલ્લાના રાજકારણમાં ધોળકા છઁસ્ઝની ચૂંટણીના પરિણામોએ રાજકીય તાપમાન જ વધારી દીધું છે. ત્રણ દાયકાથી વધુ સમયથી ભાજપના વર્ચસ્વ તરીકે ઓળખાતી ધોળકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં આ વખતે રાજકીય સમીકરણો એવા બદલાયા કે જૂના ગઢની દીવાલમાં મોટું ગાબડું પડી ગયું.

ખેડૂત વિભાગની ચૂંટણીમાં કોંગ્રેસ પ્રેરિત 'કિસાન વિકાસ પેનલ'ના તમામ ૧૦ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે, જ્યારે ભાજપ પ્રેરિત 'ખેડૂત સહકાર પેનલ'ને કારમો પરાજય સહન કરવો પડ્યો છે. પરિણામ જાહેર થતાં જ રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ કે વર્ષોનું વર્ચસ્વ આખરે ક્યાં ગયું..?

આ ચૂંટણીનું સૌથી રસપ્રદ પાસું પક્ષના મેન્ડેટને લઈને ઊભું થયેલું આંતરિક રાજકારણ રહ્યું. ભાજપ દ્વારા મેન્ડેટ અપાયેલા કેટલાક ઉમેદવારોએ જ પક્ષ સામે બળવો પોકારી મેન્ડેટ પરત સોંપ્યો અને કિસાન વિકાસ પેનલને ખુલ્લું સમર્થન જાહેર કર્યું. ધોળકાના સ્થાનિક રાજકારણમાં આંતરિક અસંતોષ અને ખેડૂતોમાં રહેલા રોષની ચર્ચા વચ્ચે ભાજપ પ્રેરિત પેનલને ધોબીપછાડ મળતાં સંગઠનનાં સ્થાનિક નેતૃત્વ સામે પણ સવાલો ઊભા થયા છે.

આ ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચાસ્પદ જિલ્લા ભાજપ મહામંત્રી દેવેશ પટેલની હાર પણ સામેલ છે. સંગઠનના મહત્વના હોદ્દેદારની હારને કારણે ધોળકાના સ્થાનિક રાજકીય ગણિતમાં સ્થાનિક નેતૃત્વની પકડ અંગે ચર્ચાઓ ચાલું થઈ છે. બીજી તરફ છઁસ્ઝના વેપારી વિભાગ અને ખરીદ-વેચાણ વિભાગના ઉમેદવારો બિનહરીફ જાહેર થતાં ત્યાં ચૂંટણીનો માહોલ શાંત રહ્યો. પરંતુ ખેડૂત વિભાગમાં તો જાણે રાજકીય તોફાન આવ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ.

ધાનેરા APMC ચૂંટણીમાં ભાજપના અનેક દિગ્ગજોની સહકારી ક્ષેત્રમાં ભૂંડી હાર જોવા મળી છે. ધાનેરા APMCમાં ભાજપના સત્તાવાર મેન્ડેટથી ઉમેદવારી કરનાર છ ઉમેદવારોની હાર થઈ છે. ખેડૂત પેનલમાં ભાજપનો મેન્ડેટ મળતા ઉમેદવારી કરનાર પાંચ ઉમેદવારો હારી ગયા છે. જેમાં ખેડૂત વિભાગના સુરેશ ભગવાન ચૌધરી, ડૉ. ધજાભાઈ પટેલ, જોઈતાભાઈ સાકોલીયા, મોઘજીભાઈ ઉકાભાઈ તેમજ મોહનભાઈ ઉકાભાઈ ચૌધરીની પણ હાર થઈ છે.

સાબરકાંઠાના ઈડર APMC માર્કેટયાર્ડની ચૂંટણીનું પરિણામ જાહેર થતાં રાજકીય માહોલ ગરમાયો છે.ભાજપના ગઢ ગણાતા ઈડરમાં ભાજપ પ્રેરિત પેનલને મોટો ઝટકો લાગ્યો છે.ખેડૂત વિભાગની તમામ ૧૦ બેઠકો પર ખેડૂત એકતા પેનલે વિજય મેળવ્યો છે. મેન્ડેટ ન મળતા નારાજ થયેલા ઉમેદવારોએ રચેલી એકતા પેનલ હવે ઈડર માર્કેટયાર્ડની સત્તા સંભાળશે.

# મોટેરા સ્ટેડિયમ નજીક ત્રિપલ સવારી મોપેડચાલકે વૃદ્ધને અડફેટે લીધા

અમદાવાદ, તા.૧૧

અમદાવાદના મોટેરા વિસ્તારમાં આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નજીક એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે, જેના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. નવમી સપ્ટેમ્બરના રોજ સાંજે આશરે ૫ વાગ્યે સ્ટેડિયમના ગેટ નંબર ૧ નજીક એક વૃદ્ધ વ્યક્તિ રોડ ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન પુરઝડપે આવી રહેલા મોપેડચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી.મળતી માહિતી અનુસાર, આ મોપેડ પર ચાલક સહિત કુલ ત્રણ યુવકો સવાર હતા, એટલે કે તે નિયમોનો ભંગ કરીને ત્રિપલ સવારીમાં જઈ રહ્યા હતા. વાહનની ઝડપ એટલી વધારે હતી કે ટક્કર વાગતા જ વૃદ્ધ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે સંતુલન ગુમાવતા મોપેડ પર સવાર ત્રણેય યુવકો પણ રોડ પર પટકાયા હતા. આમ, આ દુર્ઘટનામાં કુલ ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે.ઘટનાને પગલે સ્થાનિકો અને રાહદારીઓ તુરંત મદદે દોડી આવ્યા હતા. અકસ્માતમાં વૃદ્ધ તેમજ મોપેડચાલકને વધુ ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતાં જ ટ્રાફિક પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

# અમદાવાદમાં ખાદ્યતેલનું રિપેકિંગ યુનિટ ઝડપાયું, ૩.૭૩ લાખનો તેલનો જથ્થો જપ્ત

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૧

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગે શહેરના લાંભા વિસ્તારમાં દરોડડા પાડીને ૩.૭૩ લાખનો તેલનો જથ્થો જપ્ત કર્યો છે તેમજ સ્થળેથી ૧૭૫ ટીન ભરેલું તેલ અને ૩૦૦ જૂના ખાલી ટીન મળી આવ્યા છે. સ્થળ તપાસ દરમિયાન રી-પેકિંગ કરવામાં આવતું હોવાનું મળી આવ્યું હતું. જેમાં લેબલ, રિપેકિંગ, સ્ટોક અને બેચમાર્કનો હિસાબ ન હોવાનું સામે આવ્યું છે.

કોર્પોરેશને જારી કરેલી યાદી અનુસાર લાંભા સ્થિત મમતા એગ્રો પ્રોટીન નામના ખાદ્યતેલના યુનિટમાં મોટી સંખ્યામાં વપરાયેલા/જૂના ખાલી તેલના ટીન મળી આવ્યા હતા. જેનો ફરીથી તેલ ભરવા ઉપયોગ થવાની શક્યતા છે. ખાદ્યતેલની ચકાસણી કરતાં પેકિંગ અને લેબલિંગ સંબંધિત વિવિધ ખામીઓ/ અનિયમિતતાઓ પ્રાથમિક દૃષ્ટિએ જોવા મળી હતી. સ્થળ પરથી મળેલા સંબંધિત લેબલ તથા અન્ય વિગતોની વધુ તપાસ FSSAIના લાગુ પડતા નિયમો મુજબ કરવામાં આવી રહી છે.

## બાગી સાંસદોની NCPI સાથે ગઠબંધનનો ઈનકાર કર્યો

# ચૂંટણી આવતા જ TMC છોડીને આવેલા સાંસદોને ભાજપે આપ્યો ઝટકો

કોલકાતા, તા.૧૧

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC) છોડીને દિલ્હીમાં ભાજપની આગેવાની હેઠળના NDA સાથે હાથ મિલાવનારા બાગી સાંસદોને મોટો ફટકો પડ્યો છે. ભાજપે રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન અને હાવડા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી એકલા હાથે લડવાની જાહેરાત કરી છે. ભાજપે નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (NCPI) સાથે ચૂંટણી જોડાણ કરવાની તમામ શક્યતાઓ નકારી કાઢી છે.

બંગાળ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સમિક ભટ્ટાચાર્યે કહ્યું કે, 'પશ્ચિમ બંગાળમાં ભાજપનો કોઈ ગઠબંધન સાથી નથી. અમે કોલકાતા અને હાવડા નગર નિગમ ચૂંટણી પોતાના દમ પર લડીશું અને જીતીશું. દિલ્હીમાં રાજકીય સમજૂતી હોઈ શકે છે, પરંતુ દિલ્હી અને કોલકાતા વચ્ચે આશરે ૧૫૦૦ કિલોમીટરનું અંતર છે. રાષ્ટ્રીય સ્તરે સંબંધ હોવાનો અર્થ એ નથી કે રાજ્યમાં પણ ગઠબંધન થાય.' બંને નિગમોમાં વોર્ડ પરિસીમનની પ્રક્રિયા બાદ દુર્ગાપૂજા પછી ચૂંટણી યોજાવાની શક્યતા છે.

વિધાનસભા ચૂંટણીમાં મેળવેલી જીત બાદ ભાજપ કોલકાતામાં પોતાના મજબૂત જનાધારને લઈને ઉત્સાહિત છે. KMC ચૂંટણીની જવાબદારી સંભાળી રહેલા ભાજપના નેતા રિતેશ તિવારીએ જણાવ્યું હતું કે પક્ષ તમામ ૨૦૯ બેઠકો પર ચૂંટણી લડશે અને મોટી જીત હાંસલ કરશે.

બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસના ૨૦ બાગી સાંસદો સાથે સ્થપાયેલી NCPૈને હજુ પણ ભાજપ સાથે જોડાણની આશા છે. પક્ષના સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે (Kakoli Ghosh Dastidar) જણાવ્યું હતું કે તેમનો પક્ષ NDAનો મોટો સહયોગી પક્ષ છે અને ગઠબંધનના સભ્ય તરીકે જ ચૂંટણી લડવા માંગે છે. નોંધનીય છે કે સ્ઝના ખરાબ પ્રદર્શન પછી સયોની ઘોષ અને યુસુફ પઠાણ સહિતના નેતાઓએ પક્ષ છોડીને NCPI માં પ્રવેશ કર્યો હતો.

પશ્ચિમ બંગાળ ભાજપનું માનવું છે કે, ચૂંટણી સંગઠન અને પોતાના કાર્યકરોના દમ પર જ લડવી જોઈએ. બંગાળમાં વર્ષો સુધી ભાજપના કાર્યકરોએ આ જ નેતાઓ સામે લડાઈ લડી છે અને ઘણા કાર્યકરોએ જીવ ગુમાવ્યા છે. જો હવે એ જ પૂર્વ TMC નેતાઓ સાથે હાથ મિલાવવામાં આવે તો જમીની કાર્યકરોમાં ખોટો મેસેજ જઈ શકે છે. આ ઉપરાંત, ભાજપ આ નેતાઓ સામે ભ્રષ્ટાચારના આરોપો લગાવતો રહ્યો હોવાથી તેમની સાથે જોડાણ કરવાથી મતદારો વચ્ચે પણ પ્રશ્નો ઊભા થઈ શકે છે. ભાજપના એકલા ચૂંટણી લડવા પાછળ એક ખાસ રાજકીય ગણતરી પણ કામ કરી રહી છે. આગામી ચૂંટણીમાં મુકાબલો માત્ર બે પક્ષો વચ્ચે નહીં, પરંતુ ભાજપ, મમતા બેનર્જીની આગેવાની હેઠળની TMC, NCPI, ડાબેરી પક્ષો અને કોંગ્રેસ વચ્ચે બહુકોણીય રહેશે. જો વિપક્ષી મતોનું વિભાજન થાય તો તેનો સીધો રાજકીય ફાયદો ભાજપને મળી શકે છે.

## લિટરનો ભાવ ૩૭૦ને પાર

# પાકિસ્તાનમાં મોંઘવારીનો ભડકોઃ ૪ દિવસમાં પેટ્રોલ ૨૫ રૂપિયા મોંઘું

ઈસ્લામાબાદ, તા.૧૧

આર્થિક તંગીથી ઝઝૂમી રહેલા પાકિસ્તાનમાં મોંઘવારીએ ફરી એકવાર સામાન્ય જનતાની કમર તોડી નાખી છે. દેશમાં છેલ્લા ચાર દિવસની અંદર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ભારે વધારો નોંધાયો છે, જેના કારણે ઈંધણની કિંમતો આસમાને પહોંચી ગઈ છે.કંગાળ તબક્કામાંથી પસાર થઈ રહેલા પાકિસ્તાનમાં સામાન્ય જનતાની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. દેશમાં ફરી એકવાર મોંઘવારીનો મોટો આંચકો લાગ્યો છે અને પેટ્રોલ-ડીઝલના ભાવ બેકાબૂ બનીને આસમાને પહોંચવા લાગ્યા છે. સ્થિતિ એ છે કે માત્ર ચાર દિવસની અંદર જ પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમતોમાં ભારે વધારો નોંધાયો છે, જેની સામાન્ય માણસના ખિસ્સા પર ખૂબ મોટી અસર પડી છે. આંતરરાષ્ટ્રીય બજારના દબાણ અને આર્થિક બદહાલી સામે ઝઝૂમી રહેલી સરકારે સતત ચોથા દિવસે ઈંધણના ભાવમાં વધારો કર્યોછે, જેનાથી લોકોનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.આંકડા અનુસાર, ૮ સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર વચ્ચે માત્ર ચાર દિવસના ગાળામાં પાકિસ્તાનમાં પેટ્રોલ ૨૪.૯૩ રૂપિયા પ્રતિ લિટર મોંઘું થઈ ચૂક્યું છે. તો બીજી તરફ, આ સમયગાળા દરમિયાન હાઈ-સ્પીડ ડીઝલની કિંમતોમાં પણ ૧૯.૯૯ રૂપિયા પ્રતિ લિટરનો મસમોટો વધારો નોંધાયો છે. આ સતત ભાવવધારાના કારણે પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત જે પહેલાં ૩૪૫.૮૭ રૂપિયા પ્રતિ લીટર હતી, તે હવે વધીને ૩૭૦.૮૦ રૂપિયા પ્રતિ લિટરને પાર પહોંચી ગઈ છે. આ ઉપરાંત, હાઈ-સ્પીડ ડીઝલનો ભાવ પણ ૩૭૮.૦૫ રૂપિયાથી વધીને સીધો ૩૯૮.૦૪ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે, જે સામાન્ય જનતા માટે કોઈ મોટા સંકટથી કમ નથી. ઈંધણના ભાવમાં આ રેકોર્ડબ્રેક ઉછાળાને કારણે પાકિસ્તાનમાં પરિવહન, ખાણી-પીણીની ચીજવસ્તુઓ અને અન્ય જરૂરી સામાનના ભાવ પણ ઝડપથી વધવાની આશંકા ઊભી થઈ છે. પહેલાથી જ ભયાનક આર્થિક સંકટ, દેવાના બોજ અને મોંઘવારીનો મારો સહન કરી રહેલી પ્રજા માટે પેટ્રોલનું ૩૭૦ રૂપિયા અને ડીઝલનું લગભગ ૪૦૦ રૂપિયા પ્રતિ લિટર સુધી વેચાવું જીવનને અત્યંત મુશ્કેલ બનાવી રહ્યું છે. સરકાર દ્વારા લેવામાં આવી રહેલા આ કડક આર્થિક પગલાં બાદ દેશમાં વિરોધના સૂર પણ તીવ્ર બનવા લાગ્યા છે, કારણ કે સામાન્ય નાગરિકો માટે રોજીરોટી રળવી પણ મુશ્કેલ બની રહી છે.

## એથ્લેટિક્સમાં ચમકી અમદાવાદની દીકરી

# DPS - Bopal ની ઋશાનવી જોશીએ 'ગુજરાત સ્ટેટ જુનિયર એથ્લેટિક્સ મીટ'માં જીત્યા બે ગોલ્ડ મેડલ



Delhi Public School – Bopal ની Grade XI ની વિદ્યાર્થીની ઋશાનવી જોશીએ રમતગમતમાં શાનદાર પ્રદર્શન કર્યો છે. તેણે ગોધરાની શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે યોજાયેલી 'ગુજરાત સ્ટેટ જુનિયર એથ્લેટિક્સ મીટ'માં જોરદાર દેખાવ કર્યો હતો.

પોતાની જબરદસ્ત સ્પીડ અને મજબૂત મનોબળના જોરે ઋશાનવીએ ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર એમ બંને દોડમાં પ્રથમ ક્રમાંક મેળવીને રાજ્ય કક્ષાની આ સ્પર્ધામાં બે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા છે.

તેના આ જોરદાર પ્રદર્શનને કારણે હવે તેને પંજાબના લુધિયાણામાં થનારી નેશનલ યુથ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી છે. રાષ્ટ્રીય સ્તરે રમવાથી તેને નવો અનુભવ મળશે અને ઘણું શીખવા મળશે, જે તેની આગળની સફરને વધુ મજબૂત બનાવશે.

ઋશાનવીની આ સફળતા તેની રોજની મહેનત, શિસ્ત અને રમત પ્રત્યેના સાચા સમર્પણનું પરિણામ છે. તેની આ સિદ્ધિ DPS – Bopal અને આખી સ્કૂલના સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટ માટે ખૂબ જ ગર્વની વાત છે. આ મોટી સફળતા બદલ સ્કૂલ પરિવાર ઋશાનવીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને તે ભવિષ્યમાં રમતગમતની દુનિયામાં હજુ ઊંચી ઊંચાઈઓ સર કરે તેવી દિલથી શુભેચ્છાઓ પાઠવે છે.

### વિધાનસભામાં ગુજરાત ભાડા બિલ-૨૦૨૬ પસાર

# હવે ભાડા કરાર વગર મકાન ભાડે આપી શકાશે નહીં

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં મકાન માલિકો અને ભાડૂઆતો વચ્ચેના સંબંધોમાં પારદર્શિતા અને શિસ્ત લાવવાના હેતુથી ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ આ વિધેયક ગૃહમાં રજૂ કર્યું હતું. રાજ્યમાં અત્યાર સુધી અમલી મુંબઈ ભાડા અને નિવાસ ગૃહદર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ની જગ્યાએ હવે આ નવો કાયદો અમલમાં આવશે.

**વિધેયકની મુખ્ય જોગવાઈઓ**

લેખિત કરાર અને યુનિક ID: હવેથી રહેણાંક કે વાણિજ્યિક મિલકત લેખિત ભાડા કરાર વિના ભાડે આપી શકાશે નહીં. ભાડા સત્તાધિકારી દ્વારા ૩ મહિનામાં ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરાશે અને દરેક કરારને યુનિક આઈડી નંબર ફાળવી વેબસાઈટ પર અપલોડ કરવાનો રહેશે.

સિક્યોરિટી ડિપોઝિટ: એડવાન્સ સિક્યોરિટી ડિપોઝિટની રકમ વધુમાં વધુ ૩ મહિનાના ભાડા જેટલી જ રાખી શકાશે. મિલકત ખાલી કરતી વખતે તમામ હિસાબ પૂર્ણ કરીને ૧ મહિનામાં આ ડિપોઝિટ પરત કરવાની રહેશે.

ત્રિ-સ્તરીય ન્યાયિક વ્યવસ્થા: ભાડા સંબંધિત વિવાદોના ઝડપી નિવારણ માટે રેન્ટ ઓથોરિટી, રેન્ટ કોર્ટ અને રેન્ટ ટ્રિબ્યુનલ એમ ત્રણ સ્તરની વ્યવસ્થા ઊભી કરાશે.

આવશ્યક સેવાઓ: મકાન માલિક ભાડૂઆતની વીજળી, પાણી કે ગેસ કનેક્શન જેવી આવશ્યક સેવાઓ રોકી શકશે નહીં.

મિલકત ખાલી કરાવવાના નિયમો (કલમ ૨૧): સતત ભાડું ન ચૂકવવું, મિલકતને નુકસાન પહોંચાડવું કે મંજૂરી વગર પેટા-ભાડે આપવાના કિસ્સામાં મકાન માલિક ભાડા અદાલત મારફતે મિલકત ખાલી કરાવી શકશે.

કુદરતી આપત્તિમાં રાહત: પૂર, ભૂકંપ કે ચક્રવાત સમયે મિલકત રહેવા યોગ્ય ન રહે તો ભાડૂઆતને ભાડામાંથી મુક્તિ અથવા કરાર લંબાવવાની તક મળશે.

પ્રોપર્ટી મેનેજર (કલમ ૧૮): મકાન માલિક પોતાની સુવિધા માટે કાયદાકીય માળખા હેઠળ પ્રોપર્ટી મેનેજરની નિમણૂક કરી શકશે.

કાયદામાંથી મુક્તિ (કલમ ૩): સરકારી પરિસરો, સર્વિસ ક્વાર્ટર, ધાર્મિક-સખાવતી સંસ્થાઓ, વક્ફ બોર્ડ અને પબ્લિક ટ્રસ્ટની માલિકીની મિલકતોને આ કાયદામાંથી મુક્તિ અપાઈ છે. જોકે, બંને પક્ષોની પરસ્પર સંમતિથી તેઓ આ કાયદા હેઠળ જોડાઈ શકશે. શહેરી વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે જૂના કાયદાની કાનૂની ગૂંચવણો દૂર કરીને આધુનિક જરૂરિયાતો મુજબ નવો કાયદો તૈયાર કરવામાં આવ્યો છે, જેનાથી રિયલ એસ્ટેટ ક્ષેત્રે પારદર્શિતા વધશે. વિધાનસભામાં આ વિધેયક કોઈ પણ વિરોધ વિના પસાર થયું હતું.

## ગુજરાતમાં હવે મોલ, કાફે અને રેસ્ટોરન્ટ 24x7 ખુલ્લા રાખી શકાશે

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૧

ગુજરાત વિધાનસભા ગૃહમાં 'ગુજરાત ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ બિલ-૨૦૨૬' બહુમતીથી પસાર કરવામાં આવતા, હવે ગુજરાતમાં મોલ, કાફે, રેસ્ટોરન્ટ વગેરેને ૨૪૮૭ ખુલ્લા રાખી શકાશે. અત્યારે ઘણા લોકો ૮ કલાક કે ૧૦ કલાક ચાલુ રાખતા હોય છે, તે ૨૪ કલાક વેપાર કરી શકશે તો ૧૦૦ ટકા ફાયદો થશે. રાજ્યમાં ઉદ્યોગો અને વ્યવસાયો માટે કાયદાકીય પ્રક્રિયાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવાના હેતુથી આ વિધેયક લાવવામાં આવ્યું છે. ઉદ્યોગ રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીતે ગૃહમાં આ બિલ અંગેની વિગતો રજૂ કરી હતી. આ વિધેયક હેઠળ રાજ્યના ૫ અલગ-અલગ કાયદાઓની ૧૨ કલમોમાં સુધારા કરવામાં આવ્યા છે.

ઉદ્યોગ રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીતના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં ઉદ્યોગો અને વેપાર-ધંધાને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે રાજ્ય સરકારે એક ઐતિહાસિક અને વિઝનરી નિર્ણય લીધો છે. વિધાનસભા ગૃહમાં 'ગુજરાત ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ બિલ, ૨૦૨૬' પસાર કરવામાં આવ્યું છે. આ નવા કાયદાકીય સુધારા સાથે જ હવે રાજ્યમાં દુકાનો અને વ્યાપારી સંસ્થાઓને અઠવાડિયાના તમામ ૭ દિવસ ૨૪ કલાક (24x7) ચાલુ રાખવાની સત્તાવાર છૂટ મળી ગઈ છે. આ ક્રાંતિકારી નિર્ણયથી રાજ્યમાં 'ટ્રસ્ટ-બેઝ્ડ ગવર્નન્સ' મજબૂત થશે અને રોકાણકારો માટે વધુ અનુકૂળ માહોલ સર્જાશે.

ઉદ્યોગ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, બિનજરૂરી કાયદાકીય જટિલતાઓ દૂર કરીને અને પરવાનગીની પ્રક્રિયામાં ભૌતિક સંપર્ક ઘટાડીને ટેકનોલોજી આધારિત શાસન પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સુધારાઓથી રાજ્યમાં રોકાણ અને રોજગારીની નવી તકો ઊભી થશે.

દુકાનો ૨૪૮૭ ખુલ્લી રહેશે (શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ્સ એક્ટ): રજિસ્ટ્રેશન માટે સેલ્ફ-ડિક્લેરેશન (સ્વ-પ્રમાણીકરણ) ની નીતિ અપનાવાશે. નિયમો અને શરતોને આધીન રહીને દુકાનો અને વેપારી સંસ્થાઓ અઠવાડિયાના કોઈ પણ દિવસે ૨૪ કલાક (24x7) ચાલુ રાખી શકાશે.

ફાયર સેફ્ટી નિયમોમાં સુધારો (ફાયર પ્રિવેન્શન એક્ટ): ફાયર સેફ્ટીના ધોરણોને બિલ્ડિંગના પ્રકાર અને જોખમ આધારિત બનાવવામાં આવ્યા છે, જેથી બિનજરૂરી કમ્પ્લાયન્સ ખર્ચ ઘટશે.

MSME માટે સરળ નિયમો (MSME ફેસિલિટેશન એક્ટ): સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે 'રાઈટ ટુ બિઝનેસ'નું માળખું મજબૂત કરાશે. વીજળી, જીઆઈડીસી, સહકારી અને સિંચાઈ જેવા વધુ ૮ કાયદાઓને આ ફેસિલિટેશન ફ્રેમવર્ક સાથે જોડવામાં આવ્યા છે.

ડૉક્ટર્સની નોંધણી સરળ બનશે (મેડિકલ કાઉન્સિલ એક્ટ): અન્ય રાજ્યોમાં નોંધાયેલા તબીબો ગુજરાતમાં સેલ્ફ-ડિક્લેરેશનના આધારે ઝડપથી રજિસ્ટ્રેશન મેળવી શકશે.

સરકારી સેવાઓમાં ઓટો-અપીલ (રાઈટ ઓફ સિટિઝન્સ ટુ પબ્લિક સર્વિસિસ એક્ટ): નિયત સમયમર્યાદામાં સરકારી સેવા કે ફરિયાદનો નિકાલ નહીં થાય, તો ટેકનોલોજીની મદદથી મામલો આપમેળે ઉચ્ચ અધિકારી સમક્ષ 'ઓટો-અપીલ' થઈ જશે.

### ગયા વર્ષની તુલનામાં ૫૫ હજાર કરોડથી વધુંનો બોજો વધ્યો

## ગુજરાતનું દેવું વધીને ૪,૩૦,૩૨૦ કરોડ પહોંચ્યું

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજ્યની આર્થિક સ્થિતિ અને સરકાર પરના દેવાના વધતા બોજ અંગે વિધાનસભામાં મહત્વની વિગતો રજૂ કરવામાં આવી છે.

જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા દ્વારા પૂછવામાં આવેલા એક પ્રશ્નના લેખિત જવાબમાં રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ ગુજરાતના જાહેર દેવા અંગેના સત્તાવાર આંકડાઓ જાહેર કર્યા છે. આ આંકડાઓ અનુસાર, આગામી વર્ષોમાં રાજ્યની આર્થિક જવાબદારીઓમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે. જેમાં સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા ડેટા મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતનું કુલ જાહેર દેવું ૩,૭૪,૮૫૫ કરોડ રૂપિયા હતું. પરંતુ, વર્ષ ૨૦૨૫-૨૬ માટેના સુધારેલા અંદાજ મુજબ આ દેવું વધીને ૪,૩૦,૩૨૦ કરોડ રૂપિયા સુધી પહોંચવાની શક્યતા છે. આમ, દેવાના આંકડામાં થયેલો આ વધારો રાજ્યના આર્થિક આયોજન અને નાણાકીય શિસ્ત અંગે ચર્ચાનો વિષય બન્યો છે.

દેવાની રકમની સાથે તેની પરત ચૂકવણીના આંકડા પણ નોંધપાત્ર છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સરકારે વ્યાજ પેટે ૨૫,૬૦૪ કરોડ રૂપિયા અને મુદ્દલની ચૂકવણી પેટે ૨૯,૧૨૬ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. જ્યારે ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજ મુજબ, વ્યાજની રકમ વધીને ૨૭,૦૯૫ કરોડ રૂપિયા અને મુદ્દલની ચૂકવણી ૩૪,૦૨૫ કરોડ રૂપિયા થવાની ધારણા છે. એટલે કે, સરકારની તિજોરીમાંથી આગામી નાણાકીય વર્ષમાં કુલ ૬૧,૧૨૦ કરોડ રૂપિયા માત્ર દેવાની ચૂકવણી પાછળ ખર્ચવામાં આવશે તેવો અંદાજ છે.

રાજ્યના બજેટનો એક મોટો હિસ્સો ભૂતકાળમાં લીધેલા દેવાની ભરપાઈ કરવામાં વપરાઈ રહ્યો છે. ૨૦૨૪-૨૫ની સરખામણીએ ૨૦૨૫-૨૬માં વ્યાજની ચૂકવણીમાં આશરે ૧૪૯૧ કરોડ અને મુદ્દલની ચૂકવણીમાં ૪૮૯૯ કરોડનો વધારો થવાનો અંદાજ છે.

વધતું જતું જાહેર દેવું રાજ્યના ભાવિ વિકાસલક્ષી ખર્ચાઓ અને કલ્યાણકારી યોજનાઓ માટેના ભંડોળ પર કેવી અસર કરશે તે આગામી સમયમાં ચર્ચાનો વિષય રહેશે. વિધાનસભામાં રજૂ થયેલી આ માહિતી બાદ રાજ્યની આર્થિક સ્થિતિ અંગેના વિવિધ પાસાઓ પર ચર્ચાઓ તેજ બની છે. નિષ્ણાતોનું માનવું છે કે, દેવાની ચૂકવણી માટે વર્ષે-દહાડે વધતી જતી રકમ રાજ્યની આર્થિક વ્યવસ્થાપન સામે નવા પડકારો ઊભા કરી શકે છે.

## વટવામાં ગેરકાયદે સંગ્રહ કરાયેલું ૮૫૭ બોરી નીમ કોટેડ યુરિયા ઝડપાયું

અમદાવાદ,તા.૧૧

અમદાવાદના વટવા વિસ્તારમાં ખેડૂતોને મળવાપાત્ર નીમ કોટેડ યુરિયાનો ગેરકાયદે સંગ્રહ અને ઔદ્યોગિક એકમોમાં હેરફેર કરવાના કથિત કૌભાંડનો પર્દાફાશ થયો છે. વટવા GIDC પોલીસે શ્રદ્ધા એસ્ટેટમાં દરોડો પાડી ૮૫૭ બોરી યુરિયા કબજે કર્યું છે. આ જથ્થાની કિંમત રૂ.૨.૨૯ લાખ હોવાનું સામે આવ્યું છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય ૪ આરોપીઓ ફરાર હોવાનું સામે આવ્યું છે.

૨૫ ઓગસ્ટે વટવા GIDC પોલીસે શ્રદ્ધા એસ્ટેટમાં બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. ખેતી નિયામકની હાજરીમાં કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન ગેરકાયદે રીતે સંગ્રહ કરાયેલો નીમ કોટેડ યુરિયાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ત્યારબાદ FSL રિપોર્ટ મળ્યા બાદ પોલીસે કુલ ૫ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે શ્રદ્ધા એસ્ટેટમાં 'મણીધર પ્લાસ્ટો'ના નામે ગોડાઉન ભાડે લેવામાં આવ્યું હતું. આ ગોડાઉનમાં આરોપી રાયમલ ભરવાડ દ્વારા મોકલવામાં આવેલો નીમ કોટેડ યુરિયાનો જથ્થો રાખવામાં આવ્યો હતો. પોલીસે ૮૫૭ બોરી કબજે કરી હોવાનું જણાવ્યું છે.

આ કેસમાં અર્જુન સિસોદિયાની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે રાયમલ ભરવાડ, હિમાંશુ પટેલ, અંકિત પટેલ અને વિપુલ પટેલ ફરાર હોવાનું સામે આવ્યું છે. પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસ અને કાર્યવાહી તેજ કરી છે.

### કેગના રિપોર્ટમાં ઘટસ્ફોટ

## ગુજરાતમાં 'હર ઘર જલ' વચ્ચે પીવાના પાણીની ગુણવત્તા સામે મોટો પડકાર

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં દરેક ઘર સુધી નળનું પાણી પહોંચાડવાની મોટી સિદ્ધિ વચ્ચે પાણીની ગુણવત્તાને લઈને સામે આવેલા સરકારી ઓડિટના આંકડા ચોંકાવનારી તસવીર રજૂ કરે છે. છેલ્લા પાંચ વર્ષમાં ચોમાસા પહેલાં તપાસાયેલા પાણીના દર ચાર નમૂનામાંથી એક અયોગ્ય ઠર્યો હતો, તો ચોમાસા પછી પણ લગભગ ૨૪ ટકા નમૂનાઓ પીવાના ધોરણોમાં ખરા ઉતર્યા ન હતા. વધુ ગંભીર વાત તો એ છે કે, ચોમાસા પહેલાં અયોગ્ય ઠરેલા નમૂનાઓમાં ૯૨ ટકાથી વધુ અને ચોમાસા પછીના અયોગ્ય નમૂનાઓમાં ૮૧ ટકાથી વધુ કેસ રાસાયણિક પરિમાણોને કારણે હતા એટલે કે, વાત માત્ર ગંદા દેખાતા પાણીની નથી પણ પાણી આંખે સ્વચ્છ દેખાતું હોવા છતાં તેની અંદર રહેલી રાસાયણિક અશુદ્ધિ સામે પણ સવાલ ઊભો થાય છે. એવી જ રીતે પાણીની ગુણવત્તા ચકાસવા માટે વર્ષ ૨૦૨૧-૨૩ દરમિયાન કુલ ૨૫,૦૦૦ પાણી પરીક્ષણ કિટ ખરીદવામાં આવી હતી. આ માટે સરકારી તિજોરીમાંથી કુલ રુ. ૧.૭૪ કરોડનો ખર્ચ થયો હતો. એક કિટથી દરેક નિર્ધારિત પરિમાણના ઓછામાં ઓછા ૫૦ પરીક્ષણ કરી શકાય તેવી ક્ષમતા હતી અને કિટની સમયમર્યાદા ઓગસ્ટ ૨૦૨૩ સુધીની હતી પરંતુ તપાસ હેઠળ લેવાયેલા ૪૮ ગામોમાં આ કિટનો ઉપયોગ થયો હોવાના કોઈ નોંધપાત્ર દસ્તાવેજો જળવાયા નહોતા. પરિણામે તપાસમાં એ સ્પષ્ટ થઈ શક્યું નહીં કે, આ કરોડો રૂપિયાની કિંમતની આ કિટો વાસ્તવમાં પાણીની ચકાસણીમાં વપરાઈ કે પછી ઉપયોગ વિના જ પડી રહી હતી. જેના કારણે પાણીની ગુણવત્તા ચકાસવાની વ્યવસ્થાની આ ખામી પોતે જ ગંભીર સવાલ ઊભો કરે છે.

'હર ઘર જલ'ના નળ સુધી પાણી પહોંચાડ્યા પછી હવે સૌથી મોટો સવાલ 'હર ઘર સુરક્ષિત જલ'નો છે. કારણ કે પાણીની ગુણવત્તા ચકાસવાની જે વ્યવસ્થા હોવી જોઈએ તે નથી. રાજ્યમાં પ્રયોગશાળાઓની અછત, જરૂરી સાધનોનો અભાવ, તકનીકી માનવબળની ખોટ, સમયસર નમૂના પરીક્ષણનો અભાવ અને પરીક્ષણના આંકડાની નોંધણીમાં વિસંગતતા જેવી ખામીઓ બહાર આવી છે. રાજ્યના ૨૪૯ તાલુકાઓ સામે માત્ર ૪૬ તાલુકામાં તાલુકા કક્ષાની પ્રયોગશાળાઓ હોવાના તફાવતે પણ યોજનાની મર્યાદાનો પરદાફાશ કર્યો છે અર્થાત્, ગુજરાતમાં પાણીનો પ્રશ્ન હવે માત્ર 'નળ જોડાણ થયું કે નહીં?' તે પૂરતો રહ્યો નથી પરંતુ રાજ્યમાં અસલી કસોટી એ છે કે, નળ ખોલીને ગ્લાસ ભર્યા પછી પરિવાર નિશ્ચિંત થઈને એ પાણી પી શકે છે કે નહીં, તે છે.

કેગના અહેવાલના તારણો દર્શાવે છે કે, ગુણવત્તા ચકાસવાની સમગ્ર વ્યવસ્થામાં પ્રયોગશાળાઓની અપૂરતી સંખ્યા, સાધનોની અછત, માનવબળની ખામી, નિયમિત નમૂના પરીક્ષણમાં બેદરકારી, નમૂનાઓના સંદર્ભ પરીક્ષણમાં ઘટાડો, માહિતી નોંધણીમાં વિસંગતતા અને પરીક્ષણના પરિણામ આપવામાં વિલંબ જેવી સમસ્યાઓ છે.

## ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં વિવિધ બિમારીથી ૬૨ સિંહના કરુણ મોત, સૌથી વધુ ૨૮ સિંહબાળનો સમાવેશ

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૧

ગુજરાત વિધાનસભા સત્ર દરમિયાન એશિયાટિક સિંહોના મોતના આંકડાઓ અંગે સરકાર દ્વારા મહત્વની વિગતો રજૂ કરવામાં આવી છે. જે મુજબ, છેલ્લા એક વર્ષમાં (૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી) ગુજરાતમાં બીમારીના કારણે ૬૨ એશિયાટિક સિંહોના મોત થયા છે. જેમાં ૧૭ નર સિંહ, ૧૭ માદા સિંહ અને ૨૮ સિંહબાળનો સમાવેશ થાય છે.

સિંહોમાં સેપ્ટિસેમિયા, ન્યુમોનિયા અને હિમેજિક ન્યુમોનિયા જેવી બીમારીઓ જોવા મળી હતી. આ ઉપરાંત એનિમિયા, કિડની ફેલ્યોર તેમજ હિપેટો-રીનલ ડિસફંક્શન જેવી ગંભીર આરોગ્ય સમસ્યાઓના કારણે પણ સિંહોના મોત થયા હતા.ખાસ કરીને સિંહબાળના મોતની સંખ્યા વધુ હોવાને કારણે વન્યજીવપ્રેમીઓમાં ચિંતા જોવા મળી રહી છે.

જો કે બીજી તરફ સિંહોમાં રોગચાળો ફેલાતો અટકાવવા માટે વન વિભાગ દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. સિંહોમાં પરોપજીવીજન્ય સમસ્યાઓને નિયંત્રણમાં રાખવા માટે ડી-વોર્મિંગ અને ડી-ટીકિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ ઉપરાંત અભયારણ્યની આસપાસ આવેલા નેસ અને ગામડાઓમાં રહેતા પશુઓનું રસીકરણ પણ કરવામાં આવે છે, જેથી પશુઓમાંથી સિંહોમાં રોગ ફેલાવાનું જોખમ ઘટાડી શકાય.વન વિભાગ દ્વારા સિંહોના લોહીના નમૂના પણ લેવામાં આવે છે અને લેબોરેટરીમાં તેની તપાસ કરવામાં આવે છે. ટ્રેકર્સ અને વન્યપ્રાણી મિત્રોની મદદથી સિંહોની હિલચાલ તેમજ તેમના સ્વાસ્થ્ય પર સતત નજર રાખવામાં આવે છે. સિંહોને સમયસર સારવાર મળી રહે તે માટે સાસણ, જામવાળા, જસાધાર અને સક્કરબાગ ઝૂ ખાતે અત્યાધુનિક સારવાર કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી છે.

## વેજલપુરમાં નશાકારક સિરપનો મોટો જથ્થો ઝડપાયો

અમદાવાદ,તા.૧૧

અમદાવાદના વેજલપુર વિસ્તારમાંથી પોલીસે વહેલી સવારે દરોડો પાડી, ફતેહવાડીના ઈસાબખાન પઠાણને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી કોડીન ફોસ્ફેટયુક્ત કફ સિરપની ૩૫૪ બોટલો અને રોકડ સહિત કુલ ૪.૬૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે ઈસાબખાનના પુત્ર રિયાઝને પણ આ ગેરકાયદે સિરપના વેચાણમાં સંડોવણી બદલ આરોપી બનાવ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારમાંથી પોલીસે ૧૦ સપ્ટેમ્બરની વહેલી સવારે એક શખસને નિયંત્રિત પદાર્થ 'કોડીન ફોસ્ફેટ' ધરાવતી ઉધરસની દવાની ૩૫૪ બોટલો તથા રોકડ સહિત કુલ ૪.૬૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીની ઓળખ અહમદાબાદના ફતેહવાડી વિસ્તારમાં આવેલા રમઝાન પાર્ક-૨ના રહીશ ઈસાબખાન પઠાણ તરીકે થઈ છે. વેજલપુર પોલીસની ટીમે ૧૦ સપ્ટેમ્બરના રોજ સવારે આશરે ૩.૫૦ વાગ્યે ઈસાબખાન પઠાણને અટકાવી તેની તલાશી લેતા તેની પાસેથી કોડીન ફોસ્ફેટયુક્ત ઉધરસના સિરપની ૩૫૪ બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા સિરપનું આશરે વજન ૩૫.૪ કિલોગ્રામ છે, જેની બજાર કિંમત ૪.૧૬ લાખ આંકવામાં આવી છે.

## વંદે માતરમ અપમાન વિવાદ: કોંગ્રેસ MLA ઈમરાન ખેડાવાલા સામે વિશેષ અધિકાર ભંગ હેઠળ તપાસના આદેશ

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૧

ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન રાષ્ટ્રીય ગીત વંદે માતરમના કથિત અપમાન મામલે મોટો રાજકીય ભૂકંપ સર્જાયો છે. જમાલપુર-ખાડિયાના કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા ગૃહમાં વંદે માતરમના ગાન વખતે કરવામાં આવેલા વર્તન સામે વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ અત્યંત કડક વલણ અપનાવ્યું છે. અધ્યક્ષે પોતાના ઐતિહાસિક ચુકાદામાં આ સમગ્ર મામલો વિશેષ અધિકાર ભંગનો ગુનો બનતો હોવાનું જાહેર કરી સમગ્ર પ્રકરણની તપાસ વિધાનસભાની વિશેષ અધિકાર સમિતિને સોંપી દીધી છે. આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ગૃહની કાર્યવાહી દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ નિયમ હેઠળ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો. તેમણે ગૃહનું ધ્યાન દોર્યું હતું કે રાષ્ટ્રીય ગીત વંદે માતરમનું ગાન ચાલી રહ્યું હતું ત્યારે કોંગ્રેસ ધારાસભ્ય દ્વારા બે અંતરા બાદ બેસી જઈને વંદે માતરમ ગાનનો અનાદર દાખવવામાં આવ્યો હતો. આ ગંભીર મુદ્દા પર અધ્યક્ષે સુનાવણી હાથ ધરી હતી અને સમગ્ર ઘટનાક્રમની સમીક્ષા કર્યા બાદ પોતાનો આદેશ જાહેર કર્યો હતો.

વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ગૃહમાં આપેલા ચુકાદામાં સ્પષ્ટ જણાવ્યું કે, એક ચૂંટાયેલા જનપ્રતિનિધિ દ્વારા રાષ્ટ્રીય ગીતનું અપમાન કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં. બંધારણ અને રાષ્ટ્રીય પ્રતીકોનું સન્માન અને પાલન કરવું એ દરેક નાગરિક અને ખાસ કરીને જનપ્રતિનિધિની પ્રાથમિક બંધારણીય જવાબદારી છે. તેમણે ઉમેર્યું કે આ કૃત્ય માત્ર રાષ્ટ્રીય ગીતનું જ નહીં, પરંતુ વિધાનસભા ગૃહના નિયમોનું પણ ઘોર અપમાન છે.

અધ્યક્ષે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે જ્યારે આ ગંભીર મુદ્દે પોઈન્ટ ઓફ ઓર્ડર પર ચર્ચા ચાલી રહી હતી ત્યારે પણ સંબંધિત ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ગૃહમાં ઉપસ્થિત રહ્યા નહોતા. તેમની આ ગેરહાજરી એ બાબત તરફ અંગુલીનિર્દેશ કરે છે કે આ કૃત્ય અજાણતા નહીં, પરંતુ જાણી જોઈને કરવામાં આવ્યું હતું. આ રીતે વંદે માતરમ તેમજ વિધાનસભા અધ્યક્ષના આદેશોની અવહેલના કરવામાં આવી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ પ્રસ્થાપિત થાય છે.

વિધાનસભા અધ્યક્ષે આ મામલે પોતાનો આખરી નિર્ણય આપતાં જણાવ્યું કે આ કેસ સીધો જ ગૃહના વિશેષ અધિકાર ભંગ હેઠળ આવે છે. આથી, સમગ્ર ઘટનાની તટસ્થ અને ઊંડાણપૂર્વક તપાસ માટે મામલો વિધાનસભા ગૃહની વિશેષ અધિકાર સમિતિ સમક્ષ મોકલવામાં આવ્યો છે. આ સમિતિ તમામ પુરાવાઓ અને નિયમોની ચકાસણી કરીને પોતાનો અહેવાલ ગૃહ સમક્ષ રજૂ કરશે, જેના આધારે આગામી સમયમાં ધારાસભ્ય સામે શિક્ષાત્મક પગલાં લેવાઈ શકે છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામે ૬૫ નાગરિકો સાથે ૮.૬૩ લાખની છેતરપિંડી

અમદાવાદ,તા.૧૧

અમદાવાદના શાહીબાગ નમસ્તે સર્કલ રિલાયન્સ મોલના પાર્કિંગ સહિતના વિસ્તારોમાં ગરીબ અને સામાન્ય પરિવારોને ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (GUDA) અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સંચાલિત પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાની લાલચ આપી કુલ ૬૫ નાગરિકો પાસેથી ૮,૬૩,૪૦૦ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી છે. રાણીપ વિસ્તારમાં રહેતા ૬૨ વર્ષીય એજન્ટ જગદીશસિંહ રાજપુતની ફરિયાદના આધારે માધવપુરા પોલીસે માધવપુરા પંકજ પ્રજાપતિ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### ૪૬ લોકો પાસેથી રૂ.૨૧.૫૭ લાખ પડાવ્યાનો ખુલાસો

## ESIC હોસ્પિટલમાં નોકરી અપાવવાના નામે ૪૬ ઉમેદવારો પાસે લાંચ લેવાઈ

અમદાવાદ,તા.૧૧

અમદાવાદની ઈજીંઝ મોડલ જનરલ હોસ્પિટલમાં કરાર આધારિત નોકરી અપાવવાના નામે ચાલતા કથિત લાંચકાંડનો છઝમ્એ પર્દાફાશ કર્યો છે. પેરા મેડિકલ સ્ટાફની ભરતીમાં ઉમેદવારો પાસેથી તેમના ૨ મહિનાના પગાર જેટલી રકમ લાંચ તરીકે માંગવામાં આવતી હોવાનો આક્ષેપ છે.

છઝમ્એ વટવા ધૈંઙ્ઘઝમાં ડિકોય ટ્રેપ ગોઠવી રૂ.૯૫ હજારની લાંચ લેતા ૪ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

છઝમ્ની તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આરોપીઓએ ૪૬ લોકો પાસેથી લાંચ પેટે કુલ રૂ.૨૧,૫૭,૯૦૦ જેટલી રકમ મેળવી હોવાનું સામે આવ્યું છે. તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી રૂ.૨૧ લાખથી વધુની રોકડ પણ કબજે કરવામાં આવી છે.આ કેસમાં પ્રમોદ પાંડે, પંકજ મિશ્રા, રાજીવ શુક્લા અને જયેશ ચૌધરીની ધરપકડ કરવામાં આવી છે. હોસ્પિટલમાં કરાર આધારિત ભરતી માટે દિલ્હી સ્થિત સિક્યોરશિલ્ડ સિક્યુરિટી સર્વિસ પ્રા. લિ.ને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. પ્રમોદ પાંડે અને પંકજ મિશ્રા આ કંપનીમાં ઓપરેશન મેનેજર તરીકે કામ કરતા હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ ૫ સપ્ટેમ્બરે પ્રમોદ પાંડે અને પંકજ મિશ્રા અમદાવાદ આવ્યા હતા. નોકરી મેળવવા ઈચ્છુક ઉમેદવારોને વટવા ધૈંઙ્ઘઝ સ્થિત ઓફિસમાં બોલાવવામાં આવતા હતા. ત્યાં રાજીવ શુક્લા અને જયેશ ચૌધરી ઉમેદવારો પાસે મોબાઈલ કે અન્ય ઉપકરણો છે કે કેમ તેની તપાસ કરતા હતા અને ત્યારબાદ તેમને પ્રમોદ પાંડે તથા પંકજ મિશ્રા પાસે મોકલવામાં આવતા હતા.

આરોપીઓ જે હોદ્દા માટે ઉમેદવાર નોકરી મેળવવા માંગતો હોય તેના ૨ મહિનાના પગાર જેટલી રકમ લાંચ તરીકે માંગતા હોવાનો આક્ષેપ છે. છઝમ્ને આ અંગે માહિતી મળ્યા બાદ ડિકોય ટ્રેપ ગોઠવવામાં આવ્યો હતો અને રૂ.૯૫ હજારની લાંચ સ્વીકારતા ચારેય આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

તપાસમાં વધુ એક ચોંકાવનારી બાબત સામે આવી છે. આરોપીઓ પોતાના બચાવ માટે ઉમેદવારો પાસેથી અગાઉથી એવા ફોર્મ પર સહી કરાવતા હતા જેમાં તેમણે કોઈ લાંચ ચૂકવી નથી તેવું લખાણ કરાવવામાં આવતું હતું. આ રીતે કથિત લાંચના વ્યવહારને છુપાવવાનો પ્રયાસ કરવામાં આવતો હોવાનો તપાસમાં ખુલાસો થયો છે.

